**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૫૦/– આજીવન ૫૦૦/–
વિદેશમાં વાર્ષિક રૂા. ૫૦૦/ (વિમાનથી) આજીવન ૫૦૦૦/–


- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૬૫૮૧૧,૨૫૭૨૫૦૨**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજના ` ક ` ગીતા ` મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવ ુ જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ—ડૉ.બી.જે.જાગાણી, ૨૪—નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઇવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.


- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"


# c અનુક્રમણિકા c


| | | |
|---|---|---|
| સદ્ભાવભરી અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| વિચારો : જુના ને નવા | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| 'પ્રકાશના પંથે'નું મારી દૃષ્ટિએ અવલોકન | રાજીવ જાની | ૧૩ |
| પાઠશાળા માની | દક્ષેશ કોન્ટ્રાક્ટર | ૨૧ |
| પૂ.શ્રીમાના સ્નેહસાગરને તીરે સ્નાન શ્રી હરિરસમાં | ડૉ. બી. જે. જાગાણી | ૨૬ |
| ઈન્ટરનેટ વેબસાઈટ | નારાયણ હ. જાની | ૩૩ |
| પનામા સત્સંગ યાત્રા | જગુભાઈ મીસ્ત્રી | ૩૭ |
| સ્વર્ગારોહણમાં સત્કર્મો | નારાયણ હ જાની | ૪૫ |
| પૂ. માની નિત્યનોંધ | મા સર્વેશ્વરી | ૫૩ |
| વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા | મા સર્વેશ્વરી | ૫૮ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૩ |


**r ભક્તિસુધા r**

અખંડ તાર પ્રભુનામનો, લાગી રહે મનમાંય;
કદા સ્મરણમાં રહી સદા, બીજે જાય ન ક્યાંય? ૭૬
કામી સ્ત્રીસમરણ કરે, લોભી સમરે દામ;
પ્રભુને એમ સમરી કદા, થઇશ આતમારામ? ૭૭
ભૂખ્યો અન્નસમરણ કરે, તરષ્યો સમરે તોય;
પ્રભુને સમરું એ રીતે, કદા દિવસ એ હોય? ૭૮

**(મહારાજશ્રીનથુરામશર્માજી)**

## અભિનંદનીય આવકાય સહાય

**સત્સંગી, શ્રદ્ધાળું બહેન શ્રી મટુબહેન કલ્યાણજી પટેલ, આમોદ તરફથી અધ્યાત્મના આ અંકનો પ્રકાશન ખર્ચ પ્રાપ્ત થયો છે. તે બદલ આભાર. અભિનંદન.**



# વિચારો :જુના ને નવા

શ્રીયોગેશ્વરજી

વિચારો જીવનમાં ક્રાંતિ કરે છે, રસ ભરે છે, બળપ્રદાન કરે છે, પ્રેરણા અને પ્રકાશ ધરે છે, જીવનને જ્યોતિર્મય કરે છે અને અવનવો આકાર ધરે છે. એમની શક્તિ ઘણી મોટી છે. એ સુવિચાર બનીને આવે છે ત્યારે આનંદ આપે છે, ઓજસ્વી બનાવે છે, અને આશીર્વાદરૂપ ઠરે છે, પરંતુ એથી ઉલટું, કુવિચારના રૂપમાં મળે છે ત્યારે જીવનને જોખમમાં મૂકી દે છે, મુસિબતોથી ભરે છે, વિકૃત તથા વિપથગામી કરે છે, અને અભિશાપરૂપ ઠરે છે. વિચાર અને વિશેષ કરીને સુવિચારની શક્તિ ઘણી મોટી છે. એના વિના જીવનનો વિકાસ અસંભવ બની જાય છે. માટેજ મોટા—મોટા પ્રાતઃસ્મરણીય સંતોએ અને શાસ્ત્રોએ એને કેળવવાનું કે વિકસાવવાનું કહ્યું છે. વેદ પણ કહે છે કે ઉત્તમ વિચારો અમને ચોતફથી અથવા બનતી બધી બાજુથી પ્રાપ્ત થાવ. એમને માટે અમારા મનનાં બારીબારણાં અમે ખોલી નાખીએ અને એમને આદરપૂર્વક અપનાવીએ.

સાચું છે. નવાનવા વિવિધ વિચારોને અપનાવવા માટે માણસે તૈયાર રહેવું જોઈએ. નવા વિચારોને અપનાવવાનું સહેલું નથી. એમને સાંભળવાનું અને સહાનુભૂતિથી સમજવાનું પણ અઘરું છે. કેટલાક માણસો સ્વભાવથીજ સ્થિતિસ્થાપક હોય છે. જુના પોતાને ફાવતા વિચારોને જળોની પેઠે પકડી રાખે છે. એમની સત્યાસત્યતાનો વિચાર કરવાની એમની ઉપયોગીતા અથવા શ્રેયસ્કરતાને ચકાસવાની એમને નથી પડી. એ પોતાના વિચારોના કુંડાળામાંજ કેદ થઈ જાય છે. એ વિચારો શુભ છે કે

અશુભ અને કાચા છે કે પાકા એનો વિચાર એ નથી કરતા. વિચારો એમના નથી બનતા પરંતુ એ વિચારોના બની જાય છે. એમના માન્ય વિચારોની પાછળ પૂરતી વિચારણાનો અભાવ હોય છે. એમની આગળ કોઈવાર સંજોગવશાત કોઇક નવો વિચાર આવે ત્યારે એમની પ્રતિક્રિયા ઘણી અનોખી અને પ્રબળ હોય છે. પહેલાં તો એ નવા વિચારને સાંભળવા તૈયાર જ નથી થતા. અથવા સાંભળે છે તો એની સામે તરતજ ભારેમાં ભારે બળવો કરી ઊઠે છે. એ નવા વિચારનો સામનો કરીને એને બનતી બધીજ રીતે તોડી પાડવા માટે એ પ્રયત્ન કરે છે. એની ટીકા, નિંદા કે આલોચના કરે છે, ને જાહેરમાં એને ઉતારી પાડે છે ત્યારે જ એમને શાંતિ વળે છે ને ચેન પડે છે. એમનું મન એવું સંકુચિત, છીછરું તથા કટ્ટર હોય છે. પોતાના જ પુરાણા વિચારોના એ ગુલામ બની બેસે છે.

કોઈકવાર એવું પણ બને છે કે એમની આગળ એવા નવા વિચારો આવે છે જેમની આગળ એમની દલીલ નથી ટકી શકતી. એ વિચારોની યથાર્થતા વિશે એમને સંદેહ નથી રહેતો. પોતાના પુરાણા વિચાર કરતાં એ નવા વિચારો વધારે ઉત્તમ, સત્ય અને આવકારદાયક છે એની એમને ખાતરી થાય છે. છતા પણ એ વિચારોને અપનાવવાની હિંમત એ નથી કરી શકતા. એટલા આત્મબળનો એમનામાં અભાવ હોય છે.

પોતાના વિચારો અધૂરા, કાચા કે ખોટા છે એની ખાતરી થયા પછી પણ, કટ્ટરતાને કાયમ રાખીને, એમને છોડીને નવા વિચારોને ના અપનાવવા એમાં બુદ્ધિમાની નથી. એવા માણસો જીવનનો જરૂરી વિકાસ નથી કરી શકતા. સાચું કહીએ તો સમસ્ત જીવન એક પ્રયોગશાળા અથવા વિદ્યાપીઠ છે. એમાં



ડગલે ને પગલે માણસ કાંઈક ને કાંઈક નવું શીખતો જાય છે. જો માણસ રૂઢીચુસ્ત કે પ્રમાદી બનીને નવા પાઠો શીખવાની ના પાડે અને નવા પરિવર્તનોને ઝીલવાની તૈયારી ના બતાવે તો એની પ્રગતિ એને પોતાને હાથેજ અટકી જાય. નવા વિચારો સારા હોય તો એમને સ્વીકારવામાં કોઇ જાતની આપત્તિ ના હોવી જોઈએ.

નવા વિચારો નવા છે માટેજ સ્વીકારી લેવા એવું ધોરણ નથી અપનાવવાનું. એની સાથેસાથે, જુના વિચારો જુના હોવાથીજ વર્જ્ય છે એમ પણ નથી સમજવાનું. બન્નેના ગુણાવગુણ તપાસીને જ છેવટનો નિર્ણય લેવાનો છે નવા વિચારોની ચકાસણી પણ એટલીજ આવશ્યક છે. એ વિચારો નવા છે માટેજ એમનાથી દોરવાઇ જવાની વૃત્તિ જરાક પણ આવકારદાયક નહિ થઇ પડે. જો એવી વિવેકબુદ્ધિ નહિ હોય તોપણ માણસ નવાથી મોહિત થઇ, નવું નવું અપનાવતો જશે ને કશામાં સ્થિર નહિ થઇ શકે. એ પોતે બધા વિચારોનો ગ્રાસ બની જશે પરંતુ એકે વિચાર એનો પોતાનો જીવનવિચાર નહિ બની શકે. એ પરિસ્થિતિ પણ ભારે જોખમી છે.

એટલે માણસે વિચારશીલ બની, સત્ય ને શુભને ગ્રહણ કરવાની તેમજ અસત્ય અને અશુભનો ત્યાગ કરવાની શક્તિ મેળવી લેવાની છે. જીવનના વિકાસમાં એવી શક્તિ મહત્ત્વનો ભાગ ભજવશે એ નિર્વિવાદ છે.

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૩૨ એપ્રિલ—૨૦૧૦ અંક ૭

## શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**બુધવાર તા. ૨૪—૨—૮૨**

આજે મુલાકાત બંધ હતી તે દરમ્યાન પૂ.શ્રીએ ચારેક પત્રો લખાવ્યા. સર્વેશ્વરીએ પણ ૧૨ થી ૪ પત્રોના જવાબો જ લખાવ્યા. સાંજે મંજુસર ગામમાં જવાનું બન્યું.

મંજુસર ગામ ત્યાંના પ્રસિદ્ધ ગાયત્રી ઉપાસક શ્રી મુગટરામ મહારાજ, ગીરજાશંકર, દાજીરામ મહારાજને લીધે જાણીતું બન્યું.

ગામની બહાર મુકુટનગર છે. ૧૯૪૬માં વાડીમાં એક સ્થાન થયું. ઉનાળામાં ગીરજાશંકર અહીં રહેતા. ત્યાં એક બહેન સંચાલન કરે છે.

મુગટરામ મહારાજની ત્યાં મૂર્તિ જોવા મળી. બીજા મહાત્માઓની તસ્વીર જોવા મળી. ત્યાં સુંદર સુવાક્યો વાંચવા મળ્યાં.



ગુરુ ઈશ્વર સરખા નહીં. ગુરુ સ્વયં ઈશ્વર જ છે. ગુરુનું ધામ એટલે સર્વનું ઘર. માથાના વાળ જેટલા શત્રુ હોય પણ ગુરુ કૃપાથી વાળ પણ વાંકો ન થાય.

પૂ.શ્રીએ ત્યાં થોડી વાતો કરી. સૌએ પ્રણામ કર્યા. ગામમાં જ્યાં મૂળ ઘર છે. ત્યાં માળ ઉપર મંદિર છે. જ્યાં ૬૫ વરસથી શિવલિંગ એક બંધ પથ્થરમાં છે તે વધતું જ જાય છે. એ એની વિશેષતા છે. અહીં જે મહાત્માઓ થયા તેમના જ પરિવારના સભ્યો મંદિર પૂજા વગેરેનું કામ સંભાળે છે. તે સભ્યો પણ મળ્યા. થોડી વાતો થઈ. ત્યાંથી વિદાય લઈ વડોદરા પાછા આવી ગયા.

શહેરમાં થોડું કામ પૂરું કરી ઉતારા ઉપર આવ્યાં, ત્યારે પોણાનવ થઈ રહ્યા હતા.

નવ વાગ્યાથી સર્વેશ્વરીએ મૌન લીધું. પરમશક્તિના એ સૂચનને સર્વેશ્વરીએ પાળ્યું. પૂ.શ્રી વડોદરામાં હવે બે જ દિવસ છે માટે મૌન રાતે કે ગુરુવારે ન પાળો તો ચાલે એમ કહ્યું. છતાં સર્વેશ્વરી મૌન રાખે છે. મૌનથી સર્વેશ્વરીને આનંદ ને સંતોષ થાય છે. સાધનાત્મક રીતે જે યોગ્ય ને સહાયક લાગે તે કરવાનું જરૂરી લાગે છે.

**સ્થળ :—૫૫, અરૂણોદય સોસાયટી, અલ્કાપૂરી, વડોદરા**

સવારે નિયમિત ક્રમ રહ્યો. ગુરુવારે મૌન રાખવાની ઈચ્છા હતી, પણ જગદંબાએ એ અંગે ના પાડી, જેથી ૧૨ વાગ્યા સુધી મૌન રાખી શકાયું.

બપોરે મુલાકાત સમયે થોડા પત્રો લખાવ્યા. પૂ.શ્રીએ નાનકડી પ્રાર્થનાની પુસ્તિકા માટે થોડું લખાવ્યું. બપોરે થોડો આરામ કર્યો.

સાંજે સત્સંગ શરૂ થયો. સાડા છ વાગ્યે ગીતાપાઠ થયો. બે ભજનો ગવડાવ્યાં.

પછી પ્રશ્નોત્તરી શરૂ થઇ.

પ્રશ્નઃ—કોઇ સંત બે શરીર ધારી શકે?

પૂ.શ્રીઃ—વિભૂતિવાદમાં એવું વર્ણન આવે છે. યોગીઓ સ્થૂળ શરીર ઉપર પૂર્ણ વિજય મેળવી અનેકરૂપ ધારણ કરી શકે છે. પોતે પોતાને પણ જોઇ શકે.

પ્રશ્નઃ—એવું કહેવાય છે. લોભ, લાલચ, કાળ ને નિદ્રા તજે તેનો ધણી પ્રસન્ન.

પૂ.શ્રીઃ—લોભ રાખો. વધારે તપ કરવાનો, વધારે સેવા કરવાનો, સદ્‌ગુણો વધારવાનો લોભ રાખો. પૈસા કમાવવાનો પણ લોભ રાખો પણ તે સારા કામમાં વાપરવા. તે બરાબર છે.

કાળને કેટલીકવાર ક્રોધના અર્થમાં લેવાય છે. ક્રોધ કરો. પોતાના ઉપર ક્રોધ કરો, લાલચ રાખો સત્સંગ કરવાની રાખો. સારું જાણવાની, શીખવાની લાલચ રાખો. કામ ક્રોધને પ્રભુ તરફ વાળો. દરેકનો ઉપયોગ કેમ થાય છે તે જુઓ.

પ્રશ્નઃ—જપ અને તપમાં શો ફેર?

પૂ.શ્રીઃ—મનમાં પ્રભુનું નામ લો તે જપ અને તપ શરીરનું તે ઉપવાસ, મનનું તપ ઉત્તમવિચારો. ઉત્તમભાવો ને મન પ્રસન્ન રાખવું. વાણીનું તપ સત્ય, મધુર ને જરૂરી વાણી. જપ એ તપનો પ્રકાર છે.

પ્રશ્નઃ—ગુરુ, મેળવવા નિરંજન બનવું પડે? નિરંજન એટલે શું?

પૂ.શ્રીઃ—મેં તો એવું લખ્યું નથી. છતાં કહું છું. નિરંજન એટલે ડાઘ વિનાનું. પવિત્ર, નિર્દોષ. પવિત્ર બનો. પણ વ્યસનીને પણ ગુરુ તો મળે, પણ તે વ્યસની પોતે જેટલો લાભ ઉઠાવવો જોઇએ તેટલો ગુરુનો ઉઠાવી ન શકે. ઉત્તમ વસ્તુ તો મળી પણ કોઇ અર્થ ન સરે. ઉત્તમ વસ્તુને ઓળખી ન શકે. જેનામાં મળ છે તે પોતાના મળનું ગુરુમાં આરોપણ કરે તો તેથી તેને જેટલો લાભ ઉઠાવવો જોઇએ તે ન ઉઠાવી શકે.



પવિત્ર હૃદયમાં જ શ્રદ્ધાભક્તિ દૃઢ બને.

પ્રશ્નઃ—શિવજી ભાંગ પીતા હતા?

પૂ.શ્રીઃ—ના, શિવજીને નામે પોતે પીવાની ઇચ્છાથી તે શિવરાત્રી દરમ્યાન એવું શરુ થયું છે.

પ્રશ્નઃ—ભાંગને પ્રસાદ તરીકે લેવી જ પડે?

પૂ.શ્રીઃ—ના, એમ તો તમને પ્રસાદમાં દારુ કે માંસ આપે તો તમે લેશો? ના. પ્રસાદમાં અયોગ્ય વસ્તુ પણ ના લેવી.

પ્રશ્નઃ—જપ અને તપમાં શું શ્રેષ્ઠ?

પૂ.શ્રીઃ—રોટલી સાથે દાળ ને શાક પણ શ્રેષ્ઠ. બન્ને સાથે જ રાખો. રોટલી સાથે દાળનો પણ સ્વાદ લો. જપ સાથે તપ પણ કરો. જપ કરો ને વાણીનો સંયમ ના રાખો તો જપનો લાભ ઓછો મળે. એક ઠેકાણે બેસીને જપ કરો ને હાલતા ચાલતા વ્યવહારમાં વિશુદ્ધિનું તપ પણ ચાલુ જ રાખો.

પ્રશ્નઃ—પુરુષો જ ૐ નમઃ શિવાય જપી શકે. સ્ત્રીઓ નમઃ શિવાય ૐ જપે એવું મેં હમણાં જ કથામાં સાંભળ્યું તો તે સાચું?

પૂ.શ્રીઃ—જે કામ પુરુષ કરી શકે તે સ્ત્રી પણ કરી શકે. સ્ત્રીને પાછળ રાખવામાં આવી વાતો ચલાવે છે. ૐ નમઃ શિવાય, સ્ત્રીઓ જપે તો કોઇ જાતનો વાંધો નથી.

પ્રશ્નઃ—ચણા શનિવારે ના ખવાય?

પૂ.શ્રીઃ—દરરોજ જ ખાઓ. જો ખાયે ચના સો રહે બના. આરોગ્ય માટે દરરોજ જ ખાઓ.

પ્રશ્નઃ—શિવજીની પૂજા સ્ત્રીઓથી સ્પર્શ કરીને ના થાય?

પૂ.શ્રીઃ—શિવજીની પૂજા ઉમાએ કરી હતી કે નહીં? તો ઉમા સ્ત્રી હતી કે પુરુષ? અજ્ઞાનતા ને કરુણતાને લીધે બ્રાહ્મણો એવું કહે છે.

પ્રશ્નઃ—શિવલીલામૃતમાં લખ્યું છે કે ગુરુમુખે ૐ નમઃ શિવાય ન મળે તો તે ફળે નહીં.

પૂ.શ્રીઃ—જ્યાં સુધી ગુરુ ન મળે ત્યાં સુધી બગાસા ખાઇને બેસી રહેવું? શંકર ભગવાને પોતે જ ગુરુ બનીને એ જપ કરવાની પ્રેરણા કરી છે. એમ માનો.

અને ૐ નમઃ શિવાય બોલવા માંડો. એટલે તરત જ ફળે. બોલો ૐ નમઃ શિવાય મંત્ર બોલો એટલે તરત જ ફળ. વાણી પવિત્ર થઇ ગઇ. અશુદ્ધ વાતોથી વાણી અપવિત્ર થાય, મંત્ર બોલવાથી વાણી પવિત્ર, મન પ્રસન્ન થયું. અંતરમાં ઉમળકો આવ્યો. સમયનો સદ્‌ઉપયોગ થયો.

પ્રભુના નામમાં કોઇ નુકશાન નથી. બોલો ૐ નમઃ શિવાય(પૂ.શ્રી પાંચ વાર બોલાવે છે.) બસ, હવે મંત્ર મળી ગયો ને! પ્રશ્ન પૂછનાર ભાઇ હાથ જોડી સંતોષ વ્યક્ત કરે છે.

પ્રશ્નઃ—અમે તમને ખૂબ પ્રેમથી જોઇએ છીએ. તમે તો અમારી તરફ જોતા પણ નથી. રામકૃષ્ણદેવતો બધાને પ્રેમ કરતા?

પૂ.શ્રીઃ—મહાપુરુષોની રીત જુદી હોય છે. તમે અહીં આવો ત્યારથી જ તમને જોઇ લીધા હોય છે. તમે કેવા છો. ક્યાં છો.



મહાપુરુષનું જોવાનું ઉપર ઉપરનું નથી.

તમે ચા મૂકો કે ફૂલના હાર કે પ્રસાદ મૂકો તો જ જુએ એવું નથી, એ તો તમારી સર્વપ્રકારે રક્ષા કરે છે.

મહાપુરુષો મમતા રાખે. લાગણી રાખે પણ તે નિસ્વાર્થ ભાવે. એમની પ્રેમ કરવાની રીત પણ સૂક્ષ્મ. તેઓ આત્માથી પ્રેમ કરે અને તે પ્રેમ પણ યુગાન્તર સુધી ચાલે. એમને સ્થૂળ રીતે ટગર ટગર, ધારી ધારીને જોવાનું કોઇ મહત્ત્વ નથી.

સંસારીઓની વાત જુદી છે. રામકૃષ્ણદેવ પાસે ઘણા ભક્તો આવતા. બધાને જ કંઇ તેઓ બોલાવતા કે જોતાં એવું ન હતું. ખાસ કરીને વિવેકાનંદને પાસે બોલાવતા, ખવડાવતા. એવું બીજાને ક્યાં કરતા હતા? આવનાર સૌ ભક્તો પ્રત્યે પ્રેમભાવ, પણ બહાર તે બતાવવાની જરુર ન હતી. સૂક્ષ્મ રીતે આત્મિક પ્રેમથી જોતા.

અમે જોતા નથી પણ તમે તો અમને જુઓ છો ને! તે પૂરતું થઇ ગયું. મંદિરમાં જઇએ ને આપણે ભગવાનને જોઇ લઇએ. એટલ ે બસ થયું.

જો કે ભગવાન આપણને સતત જોતો હોય છે પણ તે જુએ છે એવો અનુભવ કોઇકવાર જીવનમાં કોઇ પ્રસંગે થાય છે. તેઓ અનુભવ કરવાની બધાની ભૂમિકા પણ નથી હોતીને.

પૂ.શ્રીએ આટલી વાતચીત બાદ ઘડિયાળ સામે જોયું. કહ્યું, ‘‘શાંતિપાઠ કરીએ સમય થઇ ગયો છે.’’

પૂ.શ્રી શાંતિપાઠ કરાવે છે. સૌ પ્રણામ કરી છૂટા પડે છે.

આજે ગુરુવાર છે પૂ.શ્રી દૂધ, શીંગોડાના લોટનો શીરો, બાફેલાં બટાકાં વગેરે લે છે.

પછી થોડા લેખ જુએ છે. પછી આરામ કરે છે.

(ક્રમશઃ)

# 'પ્રકાશના પંથે'નું મારી દષ્ટિએ અવલોકન

રાજીવ જાની

## સાધકના જીવનમાં ઝંકૃતિ લાવનારો—એક વિરલ ગ્રંથ

(પ.પૂ.ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની તા.૧૮ માર્ચની પુણ્યતિથિ નિમિતે શું લખવું—એ વિચારમાં અમે અંબાજીથી આવ્યા પછી બેઠા હતા. પૂ.શ્રીને થોડા પણ સમજવા હોય, તો પૂ.શ્રીની આત્મકથા વાંચવીજ રહી. પરંતુ કેવળ વાંચનથી ના ચાલે. એ અંગે વિચારવુંય પડે. તો જ જીવન બદલાય અને જીવનમાં આધ્યાત્મિકતા પ્રવેશે.

વિચારતાં એ યાદ આવ્યું કે પૂ.શ્રીની એ આત્મકથાના વાંચને શ્રી યોગેશ્વર પરિવારના સાધકોમાંથી કોઇના જીવનમાં જોઇ શકાય એવો બદલાવ આવ્યો છે? ઉડીને આંખે વળગે એવો બદલાવ—બીજા ઘણા સાધકોમાંય હશે, તેની ના નહિ, પરંતુ શ્રી રાજીવ જાનીના જીવનમાં જે બદલાવ આવ્યો છે તે જરૂર અનોખો છે. એટલું જ નહિ "પ્રકાશના પંથેના પુનઃપ્રકાશન વખતે—તેણે પોતાની અંગત અનુભૂતિને આધારે એ ગ્રંથની જે મૂલવણી કરી, તે અનેક વિદ્વાનોનાં વ્યાખ્યાનો કરતાં ખૂબ જીવંત લાગી. એમાં ભાષાની વિદ્વત્તા ભલે ઓછી લાગે, કિન્તુ જે ભાવનિરૂપણ થયું છે તે સહૃદયી સાધકને હલાવી દે તેવું છે, પ્રકાશના પંથે વાંચવા વિવશ કરી દે તેવું છે. એટલે થયું કે એ વ્યક્તવ્યને અહીં રજૂ કરીએ—એ પૂ.શ્રીને શ્રેષ્ઠ અંજલિ ધર્યા બરોબર બની રહેશે." —તંત્રી)

આટલા મોટા જનમુદાયને સંબોધવાનો મહાવરો નથી, પરંતુ 'પ્રકાશના પંથે'ના વિમોચન વખતે અથવા એના પ્રકાશન પર્વ



સમયે, જો હું મારી અનુભૂતિની વાત ના કરું તો કદાચ હું પૂ.'શ્રી'નો અપરાધી ગણાઉ.

કારણ એ ગ્રંથે મારા સમગ્ર જીવનને પલટાવી દીધું. જીવનની મહત્તા અને એની શક્યતાઓથી મને પરિચિત કરાવી દીધો. આ ગ્રંથથી મને પ્રાર્થનાની શક્તિ અને એનું મહત્વ સમજવામાં મદદ મળી.

પ્રાર્થના એ હૃદયનું સંગીત છે. મનનો ખોરાક છે. અને આત્માની તૃપ્તિ છે. માગણી નહી પરંતુ હૃદયની લાગણી છે.

હું જ્યારે નાનો હતો ત્યારે......

એ પછી તો 'પ્રકાશના પંથે' દ્વારા પ્રાર્થનાની સંપૂર્ણ સમજ પ્રાપ્ત થઇ એ અંતરની ઉર્મિઓની અભિવ્યક્તિનું સાધન બની જીવનના આધ્યાત્મિક અભ્યુત્થાનનું અંતરંગ અંગ બની ગયું.

જેમ કાકા કાલેલકર કહેતા, 'પોતાના આદર્શ મુજબનું જીવન ઘડીને પ્રભુને સમર્પણ કરવાની ક્રિયા એટલે પ્રાર્થના.'

તેમ પૂ.'શ્રી'એ પણ નક્કી કરી લીધુ કે મા જગદંબાનું સતત સાનિધ્ય પ્રાપ્ત કરવું. અને લક્ષ્ય નક્કી કર્યા પછી એમણે પાછુ વાળીને જોયુ નથી, દરેક અડચણો, અવરોધોને ગૌણ ગણીને ફગાવી દીધાં.

એમના એ અથાગ પરિશ્રમનો ચિતાર આ ગ્રંથમાં લખાયેલો છે. એને ફક્ત વાંચી જવાથી એનો ખ્યાલ નહી આવે પરંતુ એને શાંતિથી સમજવાની જરૂર છે. પૂ.'શ્રી'એ તો એક વાક્યમાં લખ્યું કે તેમણે સાત વર્ષ સુધી લાંબા થઇને આરામ નથી કર્યો. પરંતુ સાત વર્ષનો ગાળો નાનો ના કહેવાય. શાંતિથી વિચારીએ તો ખ્યાલ આવે. અને મા જ્યારે આપણને 'સ્વર્ગારોહણ'

બોલાવે તો આપણે આપણી અસમર્થતાને અપ્રગટ રાખવા માટેના કારણો આપીએ છીએ. કે રીઝર્વેશન નથી મળતું....પરંતુ..........

પૂ.'શ્રી'ના એ પુરુષાર્થ, પોકારો તથા એ તલસાટની કથા તમે વાંચશો તો જ તમને માના અવતરણનો ખ્યાલ આવશે.

આખા 'પ્રકાશના પંથે'માં માના નામનો ઉલ્લેખ ક્યાંય નથી. છતાં એમનો અપ્રગટ પરિચય એમાં છપાયેલો છે.

આવી તાલાવેલી, વ્યાકુળતા અને એમની ઉત્કટ પ્રાર્થનાઓનું સરવૈયુ કહો કે ફલશ્રુતિ એ મા જગદંબાનું અવતરણ જ હોઇ શકે અને એ આપણી સમક્ષ બિરાજમાન છે.

એ વાંચશો તો જ તમે પૂ.માના મહિમાને કંઇક અંશે પામી શકશો અને એમની લૌકિક લીલાથી ઉદ્ભવતી શંકાઓને નિર્મૂળ કરવામાં મદદ મળશે.

તમે વિચાર તો કરી જુઓ, માગસર મહિનાની ઠંડીમાં ૭૦૦૦ ફૂટની ઉંચાઇએ લંગોટીભર રહેવાનું સહેલુ છે? એમના હૃદયમાં કેવો તલસાટ હશે જે એમના મન ને શરીરનું ભાન જ ભુલાવી દીધું.

અને આપણને મા જરાક ઠંડી વધારે હોયતો સ્વેટર, શાલ કે કાનટોપી આપે. ઠંડી એ મહાપુરુષે સહન કરી અને એનાં ફળ આપણે ભોગવીએ છીએ.

એમણે સતત મનોમંથન કરીને અમૃત કળશને આપણા માટે સુલભ બનાવ્યું.

Thank you Prabhu......

એમના એ મંથનના દિવસો, પ્રાર્થના ને પોકારોના



ઈતિહાસને માણવા માટે 'પ્રકાશના પંથે' વાંચવુ જ રહ્યું.

એમની પ્રાર્થનાની સાચી વિધિનું મૂળ તો એમનું ભાવ સભર મન અથવા એમનું સંવેદનશીલ શ્રદ્ધા ભક્તિ પરાયણ પ્રેમ પરિપ્લાવિત અંતઃકરણ હતું. અને એવા મન અને અંતઃકરણથી અલંકૃત બનીને કરવામાં આવતી પ્રાર્થના હૃદયસ્પર્શી હોય છે. એનો આવિર્ભાવ પણ પ્રાણના પ્રત્યેક પરમાણુમાંથી થતો હોય છે. આવી પ્રાર્થનાઓ કરતી વખતે એમનું અંતર અતિશય આર્દ્ર બની જતું અને મન કરુણતાને ધારણ કરતું અને એના પરિણામે અશ્રુની પ્રાણવાન પરંપરા પ્રવાહિત થતી અને છેવટે એ પોકારોમાં પરિણામતી, પ્રાર્થનાની આનાથી વિશેષ બીજી કોઇ વિધિ ન હોઇ શકે.

એમણે ક્યારેય ધૂપ, દીપ કે અગરબત્તી નથી કરી, ફૂલહાર કે નૈવેદ્ય પણ અર્પણ નથી કર્યા છતાં ફક્ત પ્રાર્થનાના બળે જ મા જગદંબાને પૃથ્વી પર પ્રગટાવ્યાં છે.

કલ્પના તો કરી જુઓ કેવી પ્રબળ હશે એ પ્રાર્થનાઓ અને માના દર્શન માટેની લગની.

'પ્રકાશના પંથે'ના વાંચનથી ખ્યાલ આવશે કે પૂ.'શ્રી'ને યોગ, ધ્યાન, અને સાધનાના વિષયમાં પણ અભિરૂચિ હતી. અને વખતના વીતવાની સાથે એમણે એ દિશામાં પણ ઉચ્ચતમ શિખરો સર કર્યા હતાં. છતાં જગદંબાના સતત સાનિધ્યમાં લક્ષ્યને સાધવામાં ક્યાંય પાછીપાની કરી નથી. અનેક પ્રલોભનો સામે પણ સ્થિતપ્રજ્ઞ રહી તટસ્થતાથી આગળ વધ્યા. અને દરેક ફ્લેગ સ્ટેશનને અવગણીને કહો કે ત્યાગીને લક્ષ્ય પ્રાપ્તિના વિજયની વરમાળા પામ્યા.

નાનપણથી જ મહાપુરુષોના જીવનચરિત્રો વાંચવાથી પ્રાર્થનાની શક્તિથી તેઓ પરિચિત હતા. એમણે કરેલી અને 'પ્રકાશના પંથે'માં કરેલી પ્રાર્થનાનો ઉલ્લેખ શ્રી પ્રચેતાબેને બેદિવસ આગાઉ જ કર્યો હતો આપણી સમક્ષ..

પરંતુ તે ઉપરાંત તેમણે રચેલાં પદો પણ પ્રાર્થનારૂપી હૃદયની વાણી જ છે. કાકાની જેમ મને પણ પૂ.'શ્રી'નું એ પદ ખૂબ ગમે છે.

એક દિવસ હું તમે બની જઉં ને
તમે થાવ વિરહી....(પ્રસાદ–૮૨)

કેવી ખૂમારી છે? જે ઈશ્વરની ખૂબ નજીક હોય તે જ આવું લખી શકે. આવાં તો કેટલાય પદો એમણે રચ્યા છે. જેમાં પ્રાર્થના દ્વારા પોતાના હૃદયની વેદનાને વાચા આપી છે.

આજીજીથી માંડીને આક્રંદોને પ્રકાશિત કરતાં એમનાં આ પદોના શબ્દો આપણાં હૃદયને વલોવી નાખે છે.

આપો દર્શન એક જ વાર....અમને દર્શન
એક જ વાર.(પ્રસાદ)

જેમ એમણે પોતાની સાધનાની પરિતૃપ્તિ માટેની વિનવણીના પદો રચ્યાં છે તેવી જ રીતે લોક કલ્યાણ અર્થે પણ પોતાના પદો દ્વારા પ્રાર્થના પ્રવાહિત કરી છે.

દુઃખ દર્દ દૂર કરો, સૌનું ય કલ્યાણ કરો,
સંકટ સઘળાં હરો, મુક્તિની મહેફિલ ધરો.

પૂ. શ્રીના આવા પદો એમની પ્રાર્થનાઓનો જ એક પ્રકાર હતો. એજ રીતે એમણે દેશભક્તિના પદોનો પદ્ય સંગ્રહ 'હિમાલય અમારો' નામે પ્રકાશિત કર્યો છે. 'પ્રકાશના પંથે'માં વર્ણવેલી દેશની આઝાદી માટેની પ્રાર્થનાઓ એમને દેશભક્ત



અને રાષ્ટ્રપ્રેમી સંત તરીકે પ્રસ્થાપિત કરે છે.

પૂ. શ્રીને મેં થોડેઘણે અંશે પણ ઓળખ્યા છે તો એમના આ સાહિત્ય દ્વારા. એમના એ અક્ષરદેહે મારા જીવનમાં પ્રાણ રેડ્યો. 'પ્રકાશના પંથે' એ ચૈતન્યથી ભરપૂર અને જીવંત ગ્રંથ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે એના એ ચૈતન્યને મેં અનુભવ્યું છે. અને જે પણ એનું રસપાન કરશે એ દરેક એ અનુભવશે એટલે જેણે પણ એ નથી વાંચ્યું એને મારી ભલામણ છે કહો કે

વિનંતિ છે કે તે દરેક એ જરૂરથી વાંચે. એ સૌના જીવનમાં ક્રાંતિ લાવશે એની મને ખાત્રી છે.

રામકૃષ્ણદેવ જેમ કહેતા કે ગંગાજીનો પ્રવાહ એ સામાન્ય પ્રવાહ નથી. જગન્નાથજીનો પ્રસાદ એ સામાન્ય પ્રસાદ નથી અને વ્રજની રજ એ સામાન્ય રેતી નથી. અને પૂ. શ્રીએ પણ કહ્યું છે કે 'મા સર્વેશ્વરી' એ કોઇ સામાન્ય સ્ત્રી નથી. એ રીતે જ હું પણ કહું છું કે 'પ્રકાશના પંથે' એ કોઇ સામાન્ય પુસ્તક નથી.

એ કોઈના પણ હૃદયને પરિવર્તિત્ કરવા માટે સક્ષમ છે. એ જીવંત અને જ્ઞાનસભર તર્કબદ્ધ રીતે રચાયેલો ગ્રંથ છે. એનું એક એક વાક્ય પ્રેરણાસ્પદ છે.

એ વાંચતી વખતે એવું જ લાગે કે જાણે પ્રભુ આપણી સમક્ષ બેસીને એમના જીવનની સાધના કથની આપણને સંભળાવી રહ્યા છે.

પૂ. માએ આપણને એ વાંચવા માટે ફરજ પાડવી પડે એ આપણા માટે શરમજનક વાત છે.

'પ્રકાશના પંથે'ના વાંચનથી અને એમની પ્રાર્થનાઓનો વિચાર કરીએ તો લાગે કે તેઓ નાના બાળકની જેમ માને

પોકારાતા અને પ્રાર્થના એ જ એમનું બળ અને વિકાસની ગુરુચાવી હતી.

પ્રાર્થનામાં શબ્દો શું છે? એનાં કરતાં એમનો ભાવ, એમની ઉત્કટતા મહત્ત્વની હતી. એ દિવ્યપ્રેમમાં એ સઘળું ભાન ભૂલી જતા અને ભાવાનુભૂતિની પરાકાષ્ઠા પર પહોંચીને કોઇવાર દેહાતીત દશાને પણ અનુભવતા.

શરૂઆતમાં જ્યારે મને ખબર પડી કે મોટા મોટા મહાનુભવોને પૂ. મા પ્રકાશન પર્વ નિમિત્તે વક્તવ્ય આપવા માટે બોલાવ્યા છે તો મને થતું જેઓએ પૂ. શ્રીના દર્શન પણ નથી કર્યા, પૂ. શ્રીનો ખાસ પરિચય પણ નથી, એવાને શામાટે બોલાવ્યા હશે? પરંતુ એ બધા સમાજમાં સાહિત્યકારના હોદ્દા પર બિરાજે છે અને પોતાના વક્તવ્ય માટે એમણે 'પ્રકાશના પંથે' તો વાંચવું જ રહ્યું. અને એ વાંચ્યા પછી એ અભિભૂત થયા વગર રહી જ ના શકે અને પૂ. શ્રીને થોડે ઘણે અંશે પણ જાણ્યા પછી એમને સમાજમાં પ્રકાશિત કરવાની નૈતિક જવાબદારી તે સૌની છે.

આજના જડવાદ તરફ વધારે ને વધારે ઢળતા જતા જગત માટે શક્તિ સંચાર કરવાનું કે મરી પરવારતી આધ્યાત્મિકતાને ઈશ્વરપરાયણતાને જાગ્રત કરવાનું કામ આ ગ્રંથ અવશ્ય કરશે. એની મને ખાત્રી છે.

અમારી જ્ઞાતિમાં પૂ. શ્રી ઘણા પરિચિત. શ્રી નારાયણકાકા, શ્રી હરગોવિંદભાઇ અને શ્રી વિશુકાકાને લીધે એમને ઓળખનારા ઘણાં, પરંતુ માનનારા ઓછા. એટલે એક વખત હું એક પરિચિત વ્યક્તિ સાથે 'પ્રકાશના પંથે'ની વાત કરતો હતો તો એણે સહજ રીતે કહ્યું, ''હા. એ તો મેં વાંચ્યું છે'' એ



વખતે મને ખૂબ આશ્ચર્ય થયું, જાણે કોઇ સિનેમા જોઇને આવ્યો હોય અને એ તો મેં જોયું છે એ રીતે કહ્યું.

મને થયું, ''ભાઇ.....જેણે 'પ્રકાશના પંથે' વાંચ્યું હોય તે તો તેનું નામ સાંભળતા જ એના પ્રાણના અણુ એ અણુમાં લાગણીના તીવ્ર સ્પંદનોની લહેર ફરી વળે, રોમાંચિત થઇ જવાય, હૃદયના ધબકારાની ગતિ તીવ્ર બને અને ખુમારીપૂર્વક આશ્ચર્યકારક ઉદ્‌ગાર સાથે એનો પ્રત્યુત્તર મળવો જોઇએ કે 'પ્રકાશના પંથે'.......એને માણવાનો અવસર મને મળ્યો છે.

એટલે જ આ ગ્રંથ કોઇ સામાન્ય ગ્રંથ નથી.

આ ગ્રંથ દ્વારા પ્રાર્થનાનું મહત્ત્વ સમજાશે. આધ્યાત્મિકતાનો સાચો અર્થ જાણવા મળશે, માનવતાનાં મૂલ્યોનો પરિચય થશે. ટૂંકમાં ઉત્તમ જીવન જીવવાનો રાજમાર્ગ સાંપડશે.

પ્રભુ પ્રાપ્તિ માટેની જડી બુટ્ટી એટલે 'પ્રકાશના પંથે' તો સંસાર પાર કરવાનું પુષ્પક વિમાન એટલે પણ 'પ્રકાશના પંથે'

અંતે પૂ.'શ્રી'ની એ બધી પ્રાર્થનાઓને ન્યાય આપી શકીએ,

પૂ.મા આપના દિવ્ય સ્વરૂપને ઓળખી શકીએ.

આ ગ્રંથને દીપાવી શકીએ અને 'સ્વર્ગારોહણ'ને જગમંચે પ્રગટાવી શકીએ એવુ જીવન આપો.

એજ પ્રાર્થના.

'જય કૃપાળુ મા'.....

પ્રણામ. પ્રણામ. પ્રાણમ.

# પાઠશાળા માની

દક્ષેશ કોન્ટ્રેક્ટર

સતત ત્રીજા વરસે કેનેડાના રમણીય પ્રદેશ કેલગરિ ખાતે મૌન સાધના શિબિર ચાલી રહી છે. શિબિરનું સ્થળ સ્કાઉટ કેમ્પની પ્રવૃત્તિઓ માટેની જગ્યાએ છે. અહીં એક મકાનમાં પૂ.માનો ઉતારો, તેને અડીને જ કાર્યક્રમ માટેનો હોલ, ભોજન માટે રસોડું તથા થોડાક અલાયદા રુમોવાળો ભાઈઓ અને બહેનોનો ઉતારો ગોઠવાયો છે. આ મકાનથી થોડે દૂર બીજું એક મકાન છે, જ્યાં બાકીના ભાઈ બહેનોનો ઉતારો છે.

શિબિર ૮ થી ૨૩ સપ્ટેમ્બર, ૨૦૦૧ સુધી છે. કેલગરિમાં શિયાળાના સમય દરમ્યાન સારી એવી ઠંડી પડે છે અને હૂંફાળા હવામાનવાળા ત્રણ—ચાર મહિના દરમ્યાન અહીંના નૈસર્ગિક વાતાવરણનો લાભ લેવા અસંખ્ય લોકો આવે, જેથી ઉતારા માટે અગાઉથી બુકીંગ કરાવી લેવું પડે. પ્રભુકૃપાથી કાર્યક્રમના હોલ ધરાવતું મુખ્ય મકાન શિબિરના પંદરે પંદર દિવસ માટે મળ્યું છે પરંતુ બીજું મકાન ૨૦ સપ્ટેમ્બર સુધી જ મળ્યું છે આ મકાનમાં લગભગ ૨૫ થી ૩૦ ભાઈબહેનો છે.

આયોજન કરનાર ભાઈઓ પોતાની રીતે પ્રયત્ન કરી આ કેમ્પસમાં જ થોડે દૂર આવેલ બીજું મકાન મેળવવામાં સફળ થાય છે. આ અંગે પૂ.માને જાણ કરવા, તેમની અનુમતિ માંગવામાં આવે છે. પૂ.મા લખે છે શિબિરના કેટલા દિવસ બાકી રહ્યા? જવાબ મળે છે 'ત્રણ'. આ મકાનમાં કેટલા રૂમ છે? દરેકમાં કેટલા વ્યક્તિ રહે છે? શું વીસ પચીસ સાધકો આ



બધા રૂમમાં ના સમાઈ શકે? આયોજક ભાઈઓ કહે હા. પણ બીજું મકાન મળે જ છે. વળી તે મોંઘુ પણ ખાસ નથી. પૂ.મા કહે પૈસાનો સવાલ નથી. સૌને અનુકૂળતાની આદત પડી ગઈ છે. આ તો સાધના શિબિર છે. આપણે સુંવાળા થવા નથી આવ્યા. સાધકે તો સર્વ પરિસ્થિતિમાં અનુકૂળ થતાં, માર્ગ કાઢતાં શીખવું જોઈએ. સંજોગોને ફરિયાદ વિના સ્વીકારતા શીખવું જોઈએ.

તે ભાઈઓ કહે છે કે બધાનો સામાન ઘણો છે. તો પૂ.મા તુરત જ પોતાના સ્થાન પરથી ઊભાં થાય છે. અને સૌને કહે છે કે લઈ આવો સામાન. ચાલો આપણે જગ્યા કરીને તેને ગોઠવી દઈએ. અને પૂ.માના આદેશથી તરત જ સૌ કામે લાગી જાય છે. નકામી ચીજવસ્તુઓને એક ઠેકાણે મૂકી દેવામાં આવે છે. જે સામાન હતો જૂનો, તેને ફરીથી વ્યવસ્થિત રીતે, જગ્યા ઓછી રોકે તેમ ગોઠવી દેવાય છે. રસોડાના ટેબલની નીચેની જગ્યાને પણ ઉપયોગમાં લેવાય છે. નવો સામાન આવતો જાય છે અને પૂ.માના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ વ્યવસ્થિત રીતે ગોઠવાતો જાય છે. લગભગ અડધા કલાકમાં તો મોટી મોટી બેગો અને અસંખ્ય સામાનની વસ્તુઓ સુંદર રીતે, નડે નહીં તે રીતે ગોઠવી દેવાઈ, પછી પૂ.મા આરામનો શ્વાસ લે છે. કોણ કયા રૂમમાં અને કોની સાથે રહેશે તેની પણ સૂચના આપી દે છે.

સાધના શિબિરમાં ભાગ લેનાર ઘણાં પોતાની સ્વતંત્ર મોટેલ ધરાવે છે. ઘણાં સુંદર ઘરમાં રહે છે. ભૌતિક સુખસગવડો વચ્ચે અને આરામદાયક સ્થાને તેઓ રહેલા છે. છતાં પૂ.માની સૂચનાને શિરોધાર્ય કરી સૌ આનંદથી દિવસો પસાર કરે છે. પૂ.મા કહે છે કે ભારત અંબાજીમાં આવી શિબિર થાય ત્યારે સૌ

એક મોટા હોલમાં જ સૂઇ જાય છે. પૂ.શ્રી શિબિર કરતા તો ત્યાં પણ કોઇ જાહોજલાલી નહોતી. આ તો સાદા અને સંયમિત જીવનની તાલિમ છે. અહીં થોડા દિવસ આવ્યા છો તો સહન કરતાં પણ શીખો.

ક્યારેક પૂ.મા પોતાના બાળકોને સારામાં સારી સગવડ મળે તે માટે પ્રયત્નશીલ હોય છે, તો ક્યારેક આ રીતે અભાવો અને સગવડો વચ્ચે પણ રહેતા શીખવાડે છે. વળી એમનામાં રહેલી આયોજનની કુશળતાને પણ આ રીતે પ્રગટ કરતા રહે છે. આપણી પાસે ઉપલબ્ધ સીમિત વસ્તુઓનો કઇ રીતે સર્વોત્તમ ઉપયોગ કરી શકાય તે પણ બતાવે છે. જીવનના સર્વાંગીણ વિકાસ માટે આવો અવનવો સંદેશ ધરનાર પૂ.માને આપણા વંદન હજો.

★ ★ ★ ★ ★

પૂ.મા લોસએન્જલસમાં શ્રી ભગવાનજીભાઇ અને કંચનબહેનને યજમાન બનવાનું સદ્‌ભાગ્ય ધરી રહ્યાં છે. પૂ.માના સાન્નિધ્યની કામનાથી છેક ટોરેન્ટોથી વિમળાબહેન તથા નીરુબહેન પણ આવેલ છે. ક્ષીપ્રા અને દક્ષેશ તો સાથે જ છે. પૂ.મા લોસએન્જલસની આસપાસના જોવાલાયક સ્થળોની મુલાકાતે અગાઉ મોકલી ચૂક્યા છે. તેથી હવે આવ્યા છો તો સાન ફ્રાન્સીસ્કો પણ જઇ આવો એમ કહી બાળકોને એ જોવાનો અવસર પણ ધરે છે. શ્રી મહેન્દ્રભાઇ અને સુરેશભાઇ ગાડીના સુકાની બને છે.

યાત્રા દરમ્યાન વિવિધ સ્થળે સુંદર વસ્તુઓ વેચાણ અર્થે મૂકેલી જોવા મળે છે. અહીં તો સૌ પૂ.માનાં બાળકો છે. તો ખરીદી પણ પૂ.માને કઇ વસ્તુ ગમશે અને કયા રંગની ગમશે



એ ધ્યાનમાં રાખી જ કરેને? સૌ પોતપોતાની સુઝ મુજબ ગરમ પગે પહેરવા ઉનના મોજા, માથે પહેરવાનો હેડબેન્ડ, ગરમ ટોપી, પૂ.મા ને ગમે એવા ફળ અને મૌન એવા પૂ.માની વાણીની ગરજ સારતી સ્લેટ એમ વિવિધ વસ્તુઓ ખરીદે છે. લોસએન્જલસ પરત આવતા બધું પૂ.માને અર્પણ થાય છે.

સૌ જાણે છે જ કે પૂ.મા પૈસા ચૂકવ્યા સિવાય કોઇ ચીજ લેવાના નથી. વળી બધી જ વસ્તુઓ સૌ પ્રથમ પૂ.શ્રી પાસે અર્પણ થયા પછી જ પૂ.મા ગ્રહણ કરે છે. એ મુજબ પૂ.માની પસંદગી પામેલ સ્લેટ અને હેડબેન્ડ, સાથે ગરમ ટોપી પણ પૂ.શ્રીની પાસે મૂકવામાં આવે છે. રાત્રિનો સમય હોવાથી સૌ વિખેરાય છે.

સવારે નિત્યક્રમ મુજબ પૂ.મા ચાલવા માટે નજીકના પાર્કમાં(Mile Square Park) જાય છે. વાદળછાયું અને ધુમ્મસથી ભરેલ વાતાવરણ હોવાથી પૂ.માના શરીરે થોડી તકલીફ પણ થાય છે. અકસ્માત પછી ક્વચિત એવું બનતું રહે છે. બપોરે આ અંગે વાત થાય છે. પૂ.મા કહે માથું પણ દુઃખે છે. ટોપી તો પૂ.માએ પહેરેલી હતી પણ તે જરા મોટી અને સર્વરીતે અનુકૂળ ન હતી. તો બાળકો યાત્રાથી લાવેલા તે નવી ટોપી બધી જ રીતે અનુકૂળ આવે તેવી હતી. તેથી સહજ પૂછાય છે કે મા, તમે નવી ટોપી કેમ ન પહેરી? પૂ.માએ તુરત કહ્યું, સવારે નીકળતાં જ થયું કે ટોપી પહેરું પણ તરત વિચાર આવ્યો કે આના પૈસા તો આપવાના બાકી છે. તો કેવી રીતે પહેરાય? એટલે પછી જુની જ ટોપી પહેરીને આવ્યાં.

સાધનામાર્ગે નિયમોની આવશ્યકતા ઉપર ઘણું બધું લખાયું છે. સાધકો નિયમો તો ઉતાવળે લઇ લે પણ પછી એટલી જ

ઝડપે એ તોડતા પણ હોય છે. ઘણીવાર સંજોગો નિયમ રાખનારની કસોટી પણ કરે, ત્યારે સંયમના અભાવે તે નિયમોનું અકાળે અવસાન પણ થઇ જાય. કોઇ જોતું ન હોય ત્યારે કે જોતું હોય ત્યારે લોકોની વચ્ચે હોય કે એકાંત પ્રદેશમાં—નિયમોનું પાલન પ્રામાણિક રીતે થવું જોઈએ. પૂ.માના શ્રીમુખે અને સ્લેટના માધ્યમથી આ બધી વાતો અવારનવાર પ્રસ્તુત થતી રહે છે.

પૂ.માનો નિયમ છે કે પૈસા ચૂકવ્યા સિવાય કોઇ વસ્તુ ન લેવી. તેઓ ધારત તો ટોપી પહેરી બપોરે પણ પૈસા આપી શક્યાં હોત. આપણા સૌના મન એવી અનુકૂળતાઓ શોધતા જ રહે છે. જ્યારે પૂ.મા અહીં અલગ તરી આવે છે. ગમે તે પરિસ્થિતિ હોય—નિયમ એટલે નિયમ. એમાં બાંધછોડને અવકાશ ના હોય. સ્હેજ છૂટછાટ વ્યક્તિને પથભ્રમિત કરી દે છે. પૂ.મા એવો સંદેશ જાણે મૂક રીતે ધરી રહ્યા છે.

હજારો સાધકોનાં પ્રેરણાસ્રોત એવાં પૂ.માનું જીવન આવું આદર્શ અને પ્રેરણાદાયી જ હોય ને! ચોકસાઈપૂર્વક નિયમો પાળનાર અને અન્યોને તેવી પ્રેરણા ધરનાર પૂ.માને આપણાં શત શત વંદન.

> સદ્‌ગુરુ દુઃખ, પીડા, અશાંતિની ભાગ્યદોરી તોડી, એવા ભાગ્ય સાથે જોડે કે અંધકાર પૂર્ણિમા થઇ જાય.
>
> —મા



# પૂ.શ્રીમાની સંનિધિ સાગરનાં હરિરસમાં સ્નાન

ડૉ. બી. જે. જાગાણી

સત્કર્મના યજ્ઞનો રોજની જેવો જ દિવસ ઊગ્યો છે. તા.૨૮.૧૨.૦૯ ને સોમવારનું પ્રભાત સ્વર્ગારોહણમાં ભક્તિ, સંકીર્તન, પ્રણામ પૂજા, પ્રદક્ષિણા, સ્તવન, નિત્યપાઠ, સ્તુતિવંદના, ગુરુબાવનીનું ગાન લઇને પ્રગટ્યું છે. સૌથી વધારે પ્રસન્નતા ને આનંદ એટલે છે કે પૂ.શ્રીમાની સંનિધિ છે. સંતની સંનિધિ હોય, સત્કર્મોની સરવાણી સમા યજ્ઞો થતાં હોય, સમર્પિત ભક્તો હોય, ભારતના ભક્તો હોય કે વિદેશના ભક્તો હોય, અભેદનું દર્શન હોય, પૂ.શ્રીમાની નિત્યલીલાનું સહજ દર્શન હોય ત્યાં પછી બીજું પુછવું જ શું? નાનાં નાનાં બાળકો પણ પૂ.શ્રીમાના પ્રેમથી ભીનાં બનીને સત્કર્મમાં પરોવાઇ જાય છે. હજી તો એની ઉંમર રમવાની છે. દાન કરવાની કે ભક્તિ કરવાની થોડી છે! પણ પૂ.શ્રીમાની પ્રેરણાથી તેઓ પણ પૂ.શ્રીમાને મળ્યા કરે છે ને કહે છે કે આજે અમારા તરફથી બિસ્કીટ, વેફર, ચિકી વગેરે દાનમાં અપાય તો સારું. પૂ.શ્રીમા પણ પોતાના વિશ્વરુપી પરિવારના આ નાનકડા સભ્યોને પણ ખૂબ રાજી કરી દે છે. ભક્ત, ભગવાન ને ભાગવતનું અહીં રોજ મિલન છે. આ મિલન જ સત્કર્મોના યજ્ઞો સર્જે છે. શ્રી આસિતભાઇ દેસાઇ ને હેમાબહેન દેસાઇના મધૂર કંઠે ગવાયેલા પદોની ડીવીડી પરથી પદોના સૂર સંભળાઇ રહ્યા છે.

''સંતો અમેરે વહેવારિયા રામનામના
વેપારી આવે છે બધા ગામ ગામના''

ખરે જ! અહીં પણ એવું જ બન્યું છે. અમેરિકા, કેનેડા, ભારતમાં વસતાં પૂ.શ્રીમાના બાળકો—ભક્તો પૂ.શ્રીમાની સંનિધિ માણવા, જીવનનો રાહ કંડારવા, તપ્ત સંસારને શીતળતામાં ફેરવવા ને પ્રગટનું સુખ સાંપડવા અહીં ભેગા મળ્યા છે. જેવું ભજન છે તેવું જ પ્રત્યક્ષદર્શન છે.

પૂ.શ્રીમા હવે પોતાના નિવાસથી સત્કર્મોની સામગ્રીની વચ્ચે, ભક્તોની વચ્ચે, દાન સ્વીકારનારાઓની વચ્ચે પૂ.શ્રીનું સ્વરુપ સાથે લઈને પધારે છે. બેઠક પર પૂ.શ્રીના સ્વરુપને પધરાવે છે, પ્રણામ કરે છે અને પછી જ પૂ.શ્રીમા બેઠક પર બિરાજે છે. આ કાયમનો ક્રમ રહ્યો છે. પૂ.શ્રી જ પૂ.મા માટે સર્વસ્વ છે એટલે સ્વરૂપ પણ સર્વસ્વ, જીવંત ને રક્ષક છે. અરે! પૂ.શ્રીની અમૃતવાણીનો સંગ્રહ થયેલ કેસેટો, સ્વરૂપો, ઉપયોગ કરેલ ભૌતિક વસ્તુ, ગ્રંથો, સ્પર્શ પામેલ કોઈપણ વસ્તુ પૂ.શ્રી માને મન ચિન્મય છે. એ ચિન્મયતાનો ભાવ પૂ.શ્રી માના પ્રત્યેક વ્યવહારમાં ખુલ્લી નજરે સૌ કોઈ જોઈ શકે છે. ગુરુભગવંતની સાથે કેવો વ્યવહાર કરાય તે શીખવનારી જીવંત યુનિવર્સિટી એટલે પૂ.શ્રીમાનું જીવન એવું સતત જણાયા કરે.

આજના સત્કર્મના મુખ્ય સહયોગી કેનેડાના શ્રી રાજુભાઈ શાહ ને શ્રીમતી જ્યોત્સનાબહેન છે. નવમંત્રગાન સાથે સત્કર્મનો પ્રારંભ થાય છે. ત્યારબાદ પાંચ પ્રણામ સૌ કરે છે. પ્રણામ પૂ.શ્રીમાને પ્રાણપ્રિય છે એટલે સ્લેટ પર પ્રણામ વિશે લખે છે. ''પ્રણામથી શરીરની જડતા દૂર થાય, મનની જડતા દૂર થાય. દરેક પ્રણામે પ્રાર્થના કરી લેવી. કેટલાય જન્મોથી



પ્રભુને પ્રણામ ન કર્યાના આપણે અપરાધી છીએ તો પાંચ પ્રણામ તો થઈ જ શકે. ૯૦ વરસે ૧૮૦ પ્રણામ કરીને શ્રી નારાયણદાસ સૌને સરસ પ્રેરણા આપે છે.''

પૂ.શ્રીમા હવે શ્રીમતી જ્યોત્સનાબહેન શાહને બોલવાનું કહે છે.

જ્યોત્સનાબહેન રાજુભાઈ શાહ(કેનેડા): આ વખતે ભારત આવવાનું અનુકૂળ ન હતું. કારણ કે કેન્સરની બીમારીને કારણે શરીર સ્વસ્થ રહેતું નથી પણ પૂ.શ્રી માની કૃપાને કારણે આ સત્કર્મમાં આવી શકાયું તે માટે પૂ.શ્રીમાનો આભાર. પૂ.શ્રીમાએ જ આ સત્કર્મમાં અમને જોડાવા પ્રેરણા આપી છે. મારી રક્ષા થઈ છે એટલે આભાર માનવા પણ સત્કર્મમાં જોડાઈ છું. મારું શરીર ઠીક નથી પણ પૂ.શ્રીમાના દર્શન કરવાની ઈચ્છા થઈ અને શક્તિ આવી ગઈ. મનમાં સંકલ્પ થયો કે આ વર્ષે સ્વર્ગારોહણમાં સત્કર્મમાં ન જાઉં તો આવતા વર્ષે જવાશે તેની કોઈ ખાતરી નથી.(શ્રીમતી જ્યોત્સનાબહેનને ગળાનું કેન્સર થયેલું છે. બોલવામાં ઘણી તકલીફ પડે છે. છતાંય બોલ્યાં.)

મા: વાણી પર આ અદ્‌ભુત કૃપા થાય તે આ ઉઘાડી આંખે જોઈ લો. શ્રી જ્યોત્સનાબહેન કેન્સરની પ્રસાદી સાથે ફરે છે.

હવે શ્રી રાજુભાઈ શાહ કેનેડાથી આ કાર્યક્રમમાં આર્થિક સહયોગ ધરવા પધાર્યા છે તે કંઈક બોલે છે.

રાજુભાઈ: ૧૯૮૧ થી પૂ.શ્રી અને પૂ.શ્રીમાનાં દર્શન કર્યાં છે. પૂ.શ્રીમા ટોરંટોના બાળકોને સમજ આપે છે. અને પૂ.શ્રીમા તરફ ખેંચાયા છે. ધંધાની વ્યસ્તતાને કારણે અમને સમય ઓછો મળે છે પણ સત્સંગમાં જઈએ છીએ. પૂ.શ્રીએ કહેલું કે પૈસા કમાવા પડશે, સત્સંગ ને ભક્તિ પણ કરો. એ ભાથું લઈને અમે

ફરીએ છીએ. જ્યોત્સનાને કેન્સર થયેલું. છતાં અમારી સાથે ભારત આવવાની હિંમત આવી ગઈ છે. ૨૨ દિવસથી ભારતમાં છે પણ સુરક્ષિત છે. પૂ.શ્રીમાનાં દર્શનથી જીવંત બનાય છે. આ સત્કર્મ થયું એ મા–પ્રભુ જ ચલાવે છે. જ્યોત્સનાને કેન્સર થયું ત્યારે લાગેલું કે અઠવાડિયા સુધી નહીં રહે પણ પૂ.શ્રીમાની કૃપાથી રક્ષા થઇ છે. અમારા જીવનની રક્ષા કરવા બદલ મા–પ્રભુનો આભાર.

પૂ.શ્રીમાની સંનિધિમાં સત્કર્મોની સરવાણી ક્યાંથી, ક્યારે, કેવી રીતે ફૂટે તે જાણી શકાતું નથી પણ તેના ફુવારા જોઇ શકાય છે. અધ્યાત્મ માસિકને છપાવવામાં આર્થિક સહયોગ ધરવાની આ પ્રાર્થના છે. એના પ્રતિભાવમાં પૂ.શ્રીમા સ્લેટ પર લખે છે.

માઃ "શ્રી નારાયણદાસ અમને માસ પહેલાં મળ્યા. કહે મા કેનેડાની અધ્યાત્મને આર્થિક સહાય હવે પૂરી થવામાં છે. ૨૦૧૦ થી શું કરીશું? તો છેલ્લા ૧૫ દિવસમાં સામેથી એક નહીં, બે નહીં, ત્રણ નહીં, અરે ૧૦ અંકોની આર્થિક સહાયનો પ્રસાદ શ્રી નારાયણભાઇની ચિંતાના જવાબરુપે પ્રભુએ પીરસ્યો છે. પ્રભુ કેવું અદ્‌ભુત રીતે સંભાળે છે. તેનું દર્શન આમાં થાય છે."

શ્રી નારાયણભાઇ અધ્યાત્મના તંત્રી છે. આ સમાચાર સાંભળીને હર્ષમાં આવીને કહેવા લાગ્યા;

"પ્રથમ અંક છાપીને પૂ.શ્રી પાસે લઇને ગયા ત્યારે પૂ.શ્રીએ કહેલું પૈસા ખાતર આ માસિક કદી બંધ નહીં થાય. ૩૨ વર્ષમાં આ માસિકનો એક પણ અંક પડ્યો નથી. પૂ.શ્રીમાએ મને આ ઉંમરે હસતો રાખ્યો છે એ જ ભગવાનની શ્રદ્ધાનો પૂરાવો છે. નવેમ્બર–૦૯નો અંક સરસ છપાયો છે તેના અભિનંદન શ્રી



કુમુદચંદ્ર ઠાકરે આપ્યા છે. આવા અભિનંદન પ્રેરણા આપે છે." જ્ઞાન લોકો સુધી પહોંચે, ભક્તો ને ભગવાનની વાતો તેની ભૂખના ભૂખ્યા સુધી જાય એ પણ પૂ.શ્રી અને પૂ.શ્રીમાના અવતારકાર્યનો એક ભાગ છે એવું સહજ રીતે જણાયા કરે છે એટલે તો આર્થિક સહયોગ મળ્યા કરે છે. પૂ.શ્રીમા પણ શ્રી રાજુભાઇ જ્યોત્સનાબહેનની સેવાની નોંધ લઇ સ્લેટ પર લખે છે.

માઃ "રાજુભાઇ ને જ્યોત્સનાબહેને પોતાના તરફથી કથામૃત ને લીલામૃતના પ્રકાશનની વાત પણ કરી છે. ભૂતકાળમાં પણ ઘણાં ગુપ્ત સેવાનાં કામો એ બંનેએ કર્યાં છે. વારંવાર પૂ.શ્રીને ચરણે અર્પણ થતાં કવરોમાંથી ગુપ્ત રીતે કેટલાં બધાં ભારતનાં વિદ્યાર્થીઓનો અભ્યાસ કરાવવામાં રાજુભાઇ જ્યોત્સનાબહેન સફળ થયાં છે. જાહેરમાં જ સેવા કરે છે તેવું નથી. અનેક રીતે સેવા કરે છે. કોઇ ના જાણે એ રીતે અનેકના હાથ પકડી દોરે છે ને એ બધી હાશને લીધે જ્યોત્સનાબહેન સરસ રીતે જીવી રહ્યાં છે. ડૉક્ટરે સાફ ના પાડેલી કે કદાચ જીવશે તો જિંદગીભર ના બોલી શકે. ડૉક્ટરના આશ્ચર્ય વચ્ચે વાણીનું વરદાન ફરીથી પ્રાપ્ત કરીને પહેલીવાર માઇક પરથી બોલ્યાં. વાણીનો ઘણો મોટો ચમત્કાર સૌએ ઉઘાડી આંખે માણ્યો. એટલે આવા પાત્રો દ્વારા શ્રદ્ધા ભક્તિ આપણી પણ વધતી જાય. કૃપા, આશીર્વાદ ને રક્ષા થશે એવી ખાતરી વધતી જાય. માટે જ એ સૌને પણ સાંભળવા જોઇએ.

કૃપાનું જીવંત મંદિર જ્યોત્સનાબહેન છે. નામ જ કૃપાદેવી રાખે તો ચાલે. આજે માત્ર એમના તરફથી સત્કર્મ માટે રકમ મળેલી છે. જીવતાં જ સત્કર્મ કરી લો. મૃત્યુ પછી કોઇ સત્કર્મ

કરે કે ના કરે. આપણી પાછળ કોઈ પાઈ ખર્ચતા વિચાર કરે તેનાં કરતાં જીવતાં જ સત્કર્મ કરી લો.''

માઃ ''આજે આપણી વચ્ચે કર્પૂરવનના કાલીમંદિરની એક ઝળહળતી દીવડી ૩૦ વર્ષે ભારત પધારી છે. આપણે નામ તો જાણીએ જ છીએ. કાલીમંદિરના બે પુત્રો. શ્રી વિઠ્ઠલભાઈ અને શ્રી વામનભાઈ.

તો શ્રી વિઠ્ઠલભાઈની દીકરી સ્મિતાબહેન. જે જન્મ્યાં ઝાંબિયામાં, હવે રહે છે ઓસ્ટ્રેલિયામાં. ૩૦ વર્ષે ભારત આવ્યાં. એક દિવસ માટે સ્વર્ગારોહણ પધાર્યા છે. મંત્રગાનથી વધાવીએ.''

બીજલબહેને સ્મિતાબહેનનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું. સ્મિતાબહેન તરફથી સત્કર્મના યજ્ઞકાર્યમાં સ્ટીલના ડબ્બાઓ આપવામાં આવ્યા.

માઃ ''એક અગત્યની વાત છે. જે સૌ ધ્યાન દઈને સાંભળે. આપણે જે રોજ મંત્ર બોલીએ છીએ. ૐ મા ભીખી દેવ્યૈ નમઃ, ૐ પિતૃદેવાય કાલીદાસાય નમઃ. શ્રી કાલીદાસભાઈ માના પિતાજી. ૨૦૦૩માં વ્યારામાં હોસ્પિટલ તેમના નામે થઈ છે. કાલીદાસ હોમીયોપેથી હોસ્પિટલ છે. હવે એ જ હોસ્પિટલના વિકાસના ક્રમમાં એક પગલું આગળ ભરાઈ રહ્યું છે. શ્રી કાલીમંદિરના સાવિત્રીબહેન નારાયણદાસનું જ હોસ્પિટલમાં મુખ્ય યોગદાન છે. હવે તે જ દંપતિ કદાચ ૨૬ મી જાન્યુઆરી–૨૦૧૦ ના રોજ ભીખીબા બ્લડ બેંકનું ઉદ્ઘાટન કરી રહ્યું છે. માને હમણાં જ સંદેશો મળ્યો. તે પ્રસંગે સમાજ સેવાનું એક સત્કર્મ કરવાની એક તક મા વિચારે છે. બ્લડ બેંક એટલે રક્તદાનની ઉત્તમ તક. તો શ્રી મા અહીં જાણવા માગે છે



તેના ઉદ્ઘાટન પ્રસંગે કોણ કોણ રક્તદાન કરવા ઇચ્છે છે.''

ભક્તો ઊંચો હાથ કરીને સંમતિ દર્શાવે છે. સત્કર્મની સામગ્રીનું વિતરણ બપોરના ૩.૦૦ કલાકે પૂર્ણ થાય છે. કાર્યક્રમ પૂર્ણ થતો નથી. વળી આજે એકાદશી છે. ભક્તો તો પૂ.શ્રીમાની સંનિધિ માણી રહ્યા છે. એકાદશી કર્યા પછી ફળ શું મળે? ભગવાનનાં દર્શન જ ને! અહીં ભક્તો માટે બંને એક સાથે મળે છે. એકાદશીનું વ્રત ને પૂ.શ્રીમાનાં દર્શન.

(ક્રમશઃ)

નોંધઃ–બ્લડ બેંકના ઉદ્ઘાટનમાં શ્રી યોગેશ્વર પરિવારના ૭૦ ભાઈઓએ રક્તદાન કર્યું. તે સૌને પૂ.માના હસ્તે એક પુસ્તક તા.૧૮ માર્ચના રોજ ભેટ આપવામાં આવ્યું. પુસ્તકનું નામ છે. ''ગુજરાતના સંતરત્નો–પ્રસાદ બ્રહ્મભટ્ટ''.

એકલતામાં પ્રભુને પ્રવેશ કરાવતાં આવડે તો તે સર્વશ્રેષ્ઠ સુખી છે. બાકી કૂતરાં–બિલાડાં–બાળકો ક્યાં સુધી આનંદ આપી શકે. **—મા**

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**

મોબાઈલ : **૯૩૭૪૭૧૦૩૦૪**

**દીપક સી. મહેતા**

**p કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ p**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,

ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# ઈન્ટરનેટ વેબસાઈટ

સંકલન : તંત્રી

## સ્વર્ગારોહણ.ઓઆરજી (org)

પૂ.શ્રી અને પૂ.માનો સંસ્પર્શ પામીને જેમનું જીવન અને જીવન ધ્યેય બદલાઈ ગયું, એવો એક નાનો સાધક એટલે દક્ષેશ કોન્ટ્રેક્ટર.

શરીરે ભલે દુબળો પાતળો લાગતો એ હોય, પણ એની બુદ્ધિ પ્રતિભા ખૂબ ઊંચી. એન્જીનિયરીંગની ઊંચી ડીગ્રી પ્રાપ્ત કર્યા પછી—આર્થિક સંપત્તિ, સુરક્ષિતતા ને સામાજીક પ્રતિષ્ઠાની લહાણ કરતી નોકરીને લાત મારીને, તે વિદેશ—અમેરિકા ગયો. નહિ કે ધન, પદ કે પ્રતિષ્ઠા કમાવા માટે, પરંતુ પોતાના જ્ઞાન અને શક્તિનો ઉપયોગ ફક્ત પૂ.ગુરુદેવ અને પૂ.માને જગમંચે કોમ્પ્યુટરની સહાયથી પ્રગટાવવા. તેણે છેલ્લાં છ—સાત વર્ષથી પ્રયાસ આરંભ્યો છે. પૂ.શ્રી અને પૂ.મા માટે એક વેબ સાઈટ શરુ કરી છે, Swargarohan.org ને તેમાં પૂ.શ્રીનાં બધાં જ ટેપ પ્રવચનો લગભગ ૪૦ જેટલાં પુસ્તકો મૂક્યાં છે ને બાકીનું સાહિત્ય મૂકવાની તેની ઈચ્છા છે. તેમજ અધ્યાત્મ માસિકને પણ તેમાં સમાવી લીધું છે.

ગુજરાતી ભાષામાંની વિવિધ વેબ સાઈટોમાં આ વેબસાઈટ ખૂબ જ જુદી તરી આવે છે તેમજ અગ્રસ્થાન ધરાવે છે, એટલું જ નહિ પણ તે ખૂબ લોકપ્રિય બની ગઈ છે. તેને હજારો લોકો ખોલીને વાંચે છે ખોલીને જોઇ છે? નહિ કલ્પી શકો. આ ઓગસ્ટ ૧૦ સુધીમાં તે આંકડો એક કરોડ પહોંચે તો નવાઇ નહિ.



## પુસ્તક પ્રકાશન

આ દક્ષેશભાઇ પૂ.શ્રી યોગેશ્વરજીએ વડોદરા ખાતે ગીતાના છઠ્ઠા અધ્યાયના આત્મસંયમયોગ પરનાં ૧૯ પ્રવચનોને કેસેટમાંથી લીપિબદ્ધ કરી, તેનું પ્રકાશન પુસ્તકરૂપે સ્વર્ગારોહણમાં શ્રી મહાલતાબહેનના હાથે થયું; કારણ કે પુસ્તક પ્રકાશનનો સઘળો ખર્ચ સ્વ.શ્રી જ્યોતિબહેન ભગતની સ્મૃતિમાં તેમના બહેન શ્રી મહાલતાબહેને આપ્યો છે આ સુંદર પુસ્તક સાથે સીડી પણ ઉપલબ્ધ કરી છે, જેથી ગાગરમાં સાગર જેવું કામ થયું છે.

પુસ્તક પ્રકાશન કામગીરીમાં શ્રી અતુલભાઇ કોન્ટ્રેક્ટરનું પ્રદાન મહત્ત્વનું રહ્યું છે.

## D. V. D નું વેચાણ

પ.પૂ.મહાત્માશ્રી યોગેશ્વરજીનાં વિડિયો પ્રવચનોનું D.V.Dમાં રૂપાંતરિત કરવાનું પ્રશસ્ય કાર્ય વિદેશમાં શ્રી જગુભાઈ મિસ્ત્રી તેમજ શ્રી અનિલભાઇ લાડ શ્રી સુરેશભાઇ શાહ વગેરેએ ખૂબ ખંતપૂર્વક કર્યું છે. અત્યાર સુધીમાં ટોરોન્ટો કેનેડાનાં પૂ.શ્રીનાં પ્રવચનોની વિડિયો કેસેટોનું ડી.વી.ડી.માં ભાગ ૧ થી ૧૧ સુધી થયું છે. સમંદરને પેલે પારની આ શ્રેણીમાં ભાગ ૧૨ થી ૧૬ ને અંબાજી ખાતે તા.૧૮ મી માર્ચે વિમોચન કરવામાં આવ્યું. જેમાં પૂ.શ્રીનાં ૧૯૮૨નાં લોસ એન્જેલીસનાં તેમજ પ્રિટોરિયા(સાઉથ આફ્રિકાનાં) ૧૯૮૩નાં પ્રવચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ D.V.D. ભારતમાં અંબાજી ખાતે દાતારોડ પર આવેલ સ્વર્ગારોહણમાંથી વેચાતી મેળવી શકાશે. વિદેશમાં તે કેનેડાના શ્રી સુરેશભાઇ શાહ ટે.નં.૯૦૫—૭૩૮—૨૩૫૩નો સંપર્ક કરવાથી વેચાતી મળી શકશે.

## આપવાનો આનંદ

## <u>જોનારા દાતા બન્યા</u>

તા.૧૬—માર્ચનો દિવસ ચૈત્રી નવરાત્રિ અને ચૈત્રી નવા વર્ષનો પ્રારંભ.

સ્વર્ગારોહણમાં અભાવ ગ્રસ્તોને અન્ન અને બીજી વસ્તુઓનું વિતરણ ચાલી રહ્યું છે.

તો વિતરણ પૂરું થવામાં હતું અને પૂ.માએ સ્લેટમાં લખી પૂછ્યું, ''આજના નવા વર્ષના પ્રારંભે સાધકો સત્કર્મમાં સહભાગી થવા માંગે છે!''

બધાએ હા પાડી. તો પૂ.માએ પહેલાં પુરુષોને સૂચવ્યું, ''તો તમારા એક ખમીસ, કફની કે પેન્ટ લઇ આવો.''

ઉપસ્થિત બધા જ પુરુષો શર્ટ, કફની કે પેન્ટ લઇ આવ્યા. કેટલાક તો બે કે વધારે વસ્ત્રો પણ લાવ્યા. પૂ.મા પાસે આવવાનું હોય એટલે સહુ સારાંજ કપડાં લઇને આવે. એટલે લાભાર્થી પુરુષોને બબ્બે સરસ નવાં વસ્ત્રો મળ્યાં.

પછી બહેનોનો વારો આવ્યો. સાડી પહેરનાર બહેનોએ પણ પોતાની સારી સાડીઓમાંથી એક નવી જ સાડી આપી. અરે કેટલીક બહેનોએ તો બબ્બે સાડીઓ આપી. પૂ.માએ તે બધી ગરીબ બહેનોમાં વહેંચી તેમને ખુશ કરી દીધાં.

ન કલ્પેલું ન વિચારેલું કે ન આયોજન કરેલું એનું સત્કર્મ કરવા સૌ ભાગ્યશાળી થયા. પૂ.માની સંનિધિમાં સહુએ આપવાથી થતા દિવ્ય આનંદનો અનુભવ કર્યો. હે મા, આવાં સત્કર્મો કરાવતાં રહેજો.



## ભવિષ્યના કાર્યક્રમોનું આયોજન

### પૂ.માના તેર કરોડ જપ

જુલાઇ, ૨૦૧૦માં સ્વર્ગારોહણની સ્થાપનાને ૨૫ વર્ષ પૂરાં થાય છે. તેથી એક એવી અપેક્ષા રખાઇ રહી છે કે પૂ.માના સાડા બાર કરોડ જપ પૂરા થયા છે. બાકીના અર્ધો કરોડ જપ પૂ.માને ગુરુપૂર્ણિમા પહેલાં પૂરા કરવાના છે. પૂ.મા પાસે માત્ર ત્રણેક માસ જ રહ્યા છે. તેમાં તેઓ આ સંખ્યા પૂરી કરવા પુરુષાર્થ કરી રહ્યાં છે.

તો સર્વમંગલ ટ્રસ્ટ વતી પણ શ્રી રાજુભાઇ જાનીએ સાધકોને એક લક્ષ્ય આપ્યું છે કે ૨૦૦ સાધકો ઘરે રહીને પણ રોજ ૫૦ કે વધુ માળા કરે તો (૧૮ માર્ચ થી ૨૫ જુલાઇ ૧૩૦ દિવસમાં) ૧૩ કરોડ જપ થઇ જાય. જો આ શક્ય બને તો પૂ.માના તેર કરોડ જપ સામે—સાધકોના પણ એટલા બીજા જપ—પ્રભુના ચરણે ધરાય. તો જે જે સાધકોને સમય અને સંજોગો અનુકૂળ છે, તેમને આ જપયજ્ઞમાં જોડાઇ જવા—ને તેની દિનવાર નોંધ કરવા વિનંતિ છે. ગુરુપૂર્ણિમાં પહેલાં આ વિગતો મેનેજર સ્વર્ગારોહણ દાંતારોડ, અંબાજી ૩૮૫૧૧૦ ને મોકલાવવા વિનંતિ છે.

એવું જ પૂ.માના આ સડસઠમાં વર્ષની પૂર્ણાહુતિ પૂર્વે—તેમને ગુરુપૂર્ણિમાએ ૬૭ લાખ પ્રણામ પૂ.મા—પ્રભુના ચરણે ધરાય તો એ મોટામાં મોટી અંજલિ બની રહે. તેથી તેની વિગત પણ લખી રાખી ગુરુપૂર્ણિમા પહેલાં અંબાજી મોકલાવવા—ભારત તથા પરદેશના સાધકોને વિનંતિ છે.

# પનામા સત્સંગ યાત્રા—ઓગસ્ટ ૨૦૦૫

**જગુભાઇ મિસ્ત્રી**

મહાન આત્માઓના આ પૃથ્વી પર વિવિધ સ્થળોના વિચરણ પાછળ દૈવી સંકેત અને હેતુ હોય છે. એ ગહન લીલા સહજ માનવ સ્વભાવ કળી શકવા શક્તિમાન નથી. ઓગસ્ટ ૨૦૦૫માં પનામા દેશની ધરતી પર પૂ.માનું ચોથી વારનું આગમન થયું. કેનેડા, અને અમેરિકાથી ૬૦ સાધક ભાઇ બહેનો પણ આવ્યા અને પૂ.માની અસીમ કૃપાથી એક સત્સંગ યાત્રાનું સહજ રીતે આયોજન થઇ ગયું.

પનામાના પૂ.માના યજમાન સ્વ. વસંતભાઈની ઇચ્છા હતી આયોજન થાય અને અમેરિકા તથા કેનેડાના સાધક ભાઇ બહેનો પણ પધારે. શ્રી ગુલાબબેન તથા એમના સુપુત્ર શ્રી દિવ્યેશભાઈની પણ એવી જ પ્રાર્થના હતી. પનામામાં આયોજાયેલી આ સત્સંગ યાત્રાથી સૌની એ ઇચ્છાઓ પૂ.માએ પરિપૂર્ણ કરી. આ પહેલાંના ત્રણ આગમન દરમ્યાન પૂ.માના જાહેર કાર્યક્રમોમાં ભાગ લઇ પ્રભુ માર્ગે ઢળવાનો એક અનેરો મોકો મળ્યો. ઉપરાંત સૌને પૂ.માનાં દર્શન અને સાન્નિધ્યસુખનો પણ સરસ લાભ મળ્યો.

પનામામાં આશરે ૫૦૦૦ જેટલા ગુજરાતીઓની વસ્તી છે. મોટા ભાગે સુરત જિલ્લાના ભક્ત અને આહિર પરિવારો અહીં આવીને સ્થાયી થયા છે. શ્રી ગુલાબબેન તથા અન્ય બહેનોના જણાવ્યા મુજબ આ પરિવારોમાં ધાર્મિક ભાવના તો છે જ, પરંતુ સાથે સાથે અખાદ્ય પદાર્થો અને પીણાનો ઉપભોગ પણ પ્રચલિત



છે. આ પ્રથાથી ઊગતી પેઢી પણ વંચિત નથી. પૂ. પ્રભુજી અને પૂ. માનું જેમણે શરણું લીધેલ છે એ પનામા પધારે અને આ બધા પરિવારો પર કૃપાદૃષ્ટિ કરે અને આધ્યાત્મિક ભાવનાથી સંપન્ન કરી જાગૃત કરે અને પ્રભુ પંથે દોરે. એ રીતે વિચારતાં આ સત્સંગ યાત્રાના આયોજન પાછળ શ્રી હરિ અને પૂ.મા—પ્રભુની કોઇ એવીજ પ્રબળ ઇચ્છા અને યોજના હશે, જેથી આ જીવો પણ જીવન યથાર્થ કરી શકે. અને પૂ.માની આ યાત્રાનો પ્રભાવ તો જુઓ, કેટલાએ શાકાહારી થવાના નિર્ણયો લીધા અને પૂ.મા વિદેશમાં વિચરણ કરે છે, કિન્તુ તેઓ તો મૌન રાખે છે. એથી તેઓના સંપર્કમાં આવનાર વ્યક્તિઓને કેવી રીતે ઉપદેશ કે લાભ પહોંચાડી શકતાં હશે? આવા પ્રશ્નો સહેજે ભારતના વાંચકોને થાય. શ્રી જગુભાઇ મિસ્ત્રીનો આ લેખ પૂ.મા ભલે મૌન ધારણ કરી વિચરતાં હોય છતાં તેનો કેવો અદ્‌ભુત પ્રભાવ માનવોના જીવનમાં પડે છે, તેની પ્રતીતિ કરાવી જાય છે. વાણી કરતાં, મૌન અને આચરણનો, કેવળ ઉપસ્થિતિનો કેવો કલ્પી ન શકાય તેવો પ્રભાવ પડ્યો. તે વાત શ્રી જગુભાઇએ સરસ રીતે વર્ણવી છે. પાંચ વર્ષ પહેલાંની આ ઘટના આજે પણ એટલીજ પ્રસ્તુત છે. **—તંત્રી**

પનામાની કેટલીક સાધક બહેનો કેલગેરીની શિબિરમાં નિયમિત આવતી હોવાથી તેઓ શિબિરના કાર્યક્રમથી પરિચિત છે. પરંતુ મોટાભાગની સત્સંગી બહેનો, તેમના પતિદેવ અને બાળકો જે કેલગેરી શિબિરમાં આવી ન શકતા કે ભારત પણ ના જઇ શકતા, તેમને આ સત્સંગ યાત્રાના રોજના આધ્યાત્મિક કાર્યક્રમોથી ઘણો લાભ થયો. બપોર પછીના સત્સંગનો સમય ૪:૩૦ વાગ્યે રાખવામાં આવ્યો હોવાથી, દિવસ દરમ્યાન વ્યવસાયમાં વ્યસ્ત રહેતા ભાઇઓ પણ આ સમયે આવીને

કાર્યક્રમનો લાભ ઉઠાવી શક્યા. વળી આ સમયે શાળાઓમાં રજા હતી અને કોલેજ પણ હજુ શરૂજ થઇ હોવાથી વિદ્યાર્થીઓ પણ નિયમિત લાભ લઇ શક્યા. સવારની અને બપોરની બેઠકમાં આશરે ૨૫૦ની હાજરી રહેતી, પણ દરરોજ સાંજના કાર્યક્રમમાં ૪૦૦ જેટલી હાજરી રહેતી.

દરરોજની સવારની બેઠકમાં પ્રભાતફેરી બાદ, પૂ.માના સાનિધ્યમાં પ્રણામ–પૂજા ઉપરાંત પૂ.યોગેશ્વરજીની આત્મસંયમ યોગ પરની અમૃતવાણીની ઓડીઓ કેસેટનું શ્રવણ અને ધ્યાનનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સવારની એક બેઠકમાં પૂ.માએ પ્રણામ–પૂજા અંગે સ્લેટ દ્વારા સવિસ્તૃત વાર્તાલાપ આપી પ્રણામ પૂજાની અગત્યતા અને એથી થતા લાભો સમજાવ્યા. દરરોજ ઘણા યુવાન બાળકો પૂ.મા સાથે પ્રણામમાં જોડાતા. જેઓ પણ પૂ.માની પ્રણામ–પૂજાની પ્રણાલિકાથી અપરિચિત હતા તેમણે અને બાળકોએ એનો મહિમા જાણ્યા બાદ તેઓએ દરરોજ નિયમિત પ્રણામ કરવાનો નિર્ણય કર્યો!

સવારે દશ વાગ્યાની બેઠકમાં પ્રશ્નોત્તરીના કાર્યક્રમથી ઘણા સાધક ભાઈ બહેનો અને બાળકો વિવિધ વિષયો પર પ્રશ્નો પછી પૂ.મા પાસેથી સચોટ જવાબ મેળવી શક્યા. ખાસ કરીને બાળકો માટે તો કાર્યક્રમ ઘણો લાભદાયક બની રહ્યો બાળમાનસે ભાતભાતના રસપ્રદ પ્રશ્નોના જવાબ આપવાનું અશક્ય ના બનતું.

સત્સંગની દરરોજની સાંજની બેઠકમાં સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ થયા. ટોરેન્ટો યુથ ધ્યાન કેંન્દ્રના ધ્રુવ, અર્જુન, નિત્યા અને નાનકડી ઉમાએ પૂ.પ્રભુજીના હિમાલયના સાધનાકાળને અનુલક્ષી બે પ્રસંગો નાટક રૂપે સુંદર વેષભૂષા અને અભિનયથી રજૂ કર્યા.



પનામાનાં બાળકોએ પૂ.માની દશરથાચલની યાત્રાનો તથા જનકરાજાના દરબારમાં અષ્ટાવક્રના આગમનનો પ્રસંગ નાટક રૂપે સુંદર રીતે રજૂ કર્યા. પનામાના બાળકોને શાળામાં સ્પેનીશ ભાષા શીખવવામાં આવે છે, તેથી ગુજરાતીમાં નાટકની રજૂઆત કરતાં મુશ્કેલી હોવા છતાં તેમણે સારી મહેનત કરી. પનામાના અન્ય સાધકોએ પૂ.પ્રભુજીના પ્રવચન–સત્સંગનો એક પ્રસંગ નાટકમાં રજૂ કર્યો. ઉપરાંત રંગીન પોષાક પરીધાન કરી પનામાના યુવાન સાધકોએ, અને બહેનોએ દરરોજ રાસ અને ગરબાઓ રજૂ કર્યા. ટૂંકા સમયની તાલીમ અને તૈયારી હોવા છતાં સૌની સુંદર રજૂઆતથી પૂ.માએ અને સૌ પ્રેક્ષકોએ કલાકારોને તાળીઓથી બિરદાવ્યા. સૌ પૂ.માના આશીર્વાદ પામ્યા.

સત્સંગના એક દિવસે ૩૦૦ કીલોમીટર પર આવેલા ‘ચિતરે’ નામના શહેરમાંથી ૩૦–૩૫ ભાઈબહેનો પૂ.માના દર્શન માટે પધાર્યા અને સાંજના કાર્યક્રમમાં ભાગ લીધો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ‘ચિતરે’ની બહેનોએ એક સુંદર ગરબો રજૂ કર્યો. કાર્યક્રમને અંતે પૂ.માએ સૌને બોલવી વાર્તાલાપ, દર્શનસુખ અને આશીર્વાદથી ધન્ય કર્યા.

સાધકોના વાર્તાલાપના કાર્યક્રમમાં ટોરોન્ટોથી પધારેલા શ્રી સુરેશભાઇ શાહે એમના વકતવ્યમાં પૂ.યોગેશ્વરજીના અને પૂ.માના જીવન પ્રસંગોની રજૂઆત કરીને પનામાના ભાઈબહેનોને પૂ.ગુરુદેવ અને પૂ.માનો વિશેષ પરિચય કરાવ્યો અને પૂ.માની દિવ્ય શક્તિના પ્રસંગો કહ્યા. ન્યુજર્સીથી આવેલ શ્રી રાજુભાઇ ભાવસારે પૂ.મા વિષે વાર્તાલાપ આપ્યો અને પૂ.માએ કરેલી દશરથાચલ પર્વતની કઠિન યાત્રાની વાતો કરી.

સત્સંગમાં સ્વર્ગારોહણ, અંબાજીમાં યોજાયેલા મેડીકલ કેમ્પની ડી.વી.ડી બતાવી, ત્યાં થઇ રહેલી સર્વમંગલ ચેરિટેબલ ટ્રષ્ટની અન્ય પ્રવૃતિઓથી સૌને પરિચિત કર્યા. ઉપરાંત ૨૦૦૪ અંતે ૨૩ બહેનોએ કરેલી સત્યપથથી સ્વર્ગારોહણ સુધીની સાયકલ યાત્રાની ડી.વી.ડી દ્વારા ભારતની સાધક બહેનોએ સાહસિક યાત્રા પૂ.માની કૃપાથી કેવી રીતે પરિપૂર્ણ કરી એ બતાવવામાં આવ્યું.

તાજેતરમાંજ પૂ.માએ અને પૂ.માના સાનિધ્યમાં ૧૬ સાધકોએ ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા અને હવાઇ ટાપુઓની યાત્રા કરી તેના યાદગાર પ્રસંગો અને અન્ય અહેવાલો દરરોજ રજૂ થયા.

હઠયોગ અને પ્રાણાયામનો અભ્યાસ કરતા પનામા નિવાસી શ્રી 'રીકાર્ડો' નામના એક સ્પેનીશ ભાઇને પાણીમાં ડૂબી જવાથી ૨૫ મિનિટ જેટલો મૃત્યુનો અને પૂર્વજન્મનો અદ્‌ભુત અનુભવ થયો હતો, તે તેમણે એક દિવસ પૂ.મા સમક્ષ રજૂ કર્યો. શ્રી 'મારીઓ' નામના 'કોસ્તારીકા'થી આવીને પનામામાં સ્થાયી થયેલા એક ભાઇને એમની બીમાર પુત્રી વખતે પ્રભુકૃપાનો સુંદર અનુભવ થયો તે પણ તેમણે પૂ.મા પાસે રજૂ કર્યો. આ બંન્ને ભાઇઓના અનુભવથી સૌને જાણવા મળ્યું.

પનામા દેશ વિષુવવૃતની નજીક આવેલો હોવાથી બારે માસ ગરમ ઉષ્ણતામાન રહે છે. જાન્યુઆરિ અને ફેબ્રુઆરિ માસ દરમ્યાન ઓછો વરસાદ વરસ્યા બાદ ટૂંક સમયમાં સૂર્યપ્રકાશ થઇ જાય છે. વરસાદથી વાતાવરણ સ્વચ્છ રહે છે. અનુકૂળ આબોહવા અને ફળદ્રુપ જમીનને લીધે ભારતમાં થતાં બધાજ ફળો, વનસ્પતીઓ, વૃક્ષો અને શાકભાજીઓ અહીં વિપુલ પ્રમાણમાં થાય છે. પનામા દેશની અગત્યતા એની વિશ્વ



વિખ્યાત નહેરને લીધે છે. પેસીફીક અને એટલાન્ટીક સમુદ્રોને જોડતી એ નહેરથી સ્ટીમરોને દક્ષિણ અમેરિકા ફરીને જવું ન પડે. આશરે ૧૮ દિવસ જેટલો સમય બચી જાય છે.

સત્સંગ યાત્રાના રોજના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે 'ગાંધી હોલ'માં વ્યવસ્થા કરવામાં આવી હતી. ભોજન માટે મંદિરમાં આયોજન કરવામાં આવ્યું હતું. પનામાના સૌ હિંદુઓના સહકારથી આ બન્ને વિશાળ અને સુંદર મકાનો બનાવવામાં આવ્યાં છે. મંદિરમાં રામ દરબાર, રાધાકૃષ્ણ, અંબામા, શિવ, ગણેશ ઉપરાંત ગુરુ નાનકદેવ, કબીર સાહેબ, ઝુલેલાલ, જલારામ બાપા વગેરે દેવ–દેવીઓની મૂર્તિઓ પ્રસ્થાપિત કરવામાં આવી છે. 'ગાંધી હોલ'માં ૬૦૦ માણસો બેસી શકે એટલી વિશાળ જગ્યા છે. બાજુમાં રમત ગમત માટેની ખુલ્લી જગ્યા, સવારની પ્રભાતફેરી માટે ઘણીજ અનુકૂળ રહેવા પામી. ઊંચી ટેકરી પર બનાવેલ આ સ્થળેથી પનામા શહેરના વિવિધ વિસ્તારો દ્રશ્યમાન થાય છે.

સત્સંગ યાત્રા દરમ્યાન અમેરિકા અને કેનેડાથી આવેલા સાધકો માટે સ્થાનિક હોટેલમાં સરસ ઉતારાની વ્યવસ્થા હતી. ઉતારાથી સત્સંગ સ્થળે આવવા–જવા માટે તથા પનામા શહેરમાં વસતા અન્ય સૌ સાધકો માટે બસની સુંદર વ્યવસ્થાથી સૌ સમયસર સત્સંગમાં હાજર રહી શકતા. સૌને દરેક ટંકના ભોજન માટે મંદિરમાં રસોઇ બનાવવાની અને જમાડવાની પણ ઉત્તમ સગવડ હોવાથી એકંદરે સુંદર આયોજન હતું. આ સત્સંગ યાત્રાને સફળ બનાવવામાં પનામાના ઘણા ભાઇબહેનોનો સહકાર પ્રશંસનીય હતો.

સત્સંગ યાત્રા દરમ્યાન એક દિવસે હરે કૃષ્ણ મંદિરના એક સાધક ભાઇ પધાર્યા અને પૂ.માને એમના મંદિરમાં પધારવા

આમંત્રણ આપ્યું. તેથી સત્સંગ યાત્રાની પરિસમાપ્તિ પછી એક દિવસે પૂ.માએ મંદિરમાં સૌ ભક્તો સાથે પધાર્યાં. સ્લેટ દ્વારા પૂ.માએ શ્રી શ્રી પ્રભુપાદ સ્વામીજીની વાતો કરી. પૂ.માએ મંદિરને શ્રી હરિ તરફથી ૫૦૦ ડોલરનું દાન આપ્યું. શ્રી સુરેશભાઈએ પૂ.શ્રી યોગેશ્વર પ્રભુ પૂ.માનો પરિચય આપ્યો.

હરે કૃષ્ણ મંદિર બાદ પૂ.મા એક ઊંચી ટેકરી પર આવેલા 'બહાઈ' મંદિરમાં પધાર્યાં. એ મંદિરમાં એકદમ શાંત વાતાવરણ હતું. નજીકના એક હોલમાં સત્સંગ સભા યોજાઈ. પનામાના ઘણા યુવાન બાળકો અહીં હાજર રહ્યા. પૂ.માએ એમને પનામા દેશ વિષે પ્રશ્નો પૂછ્યા. બાળકોને એમના વિચારો દર્શાવવા પૂ.માએ જણાવ્યું. એક બેને પોતે શાકાહારી થવાનો નિર્ણય કર્યો છે તેની પૂ.મા આગળ રજૂઆત કરી.

સત્સંગ સભાને અંતે બાળકોની યાત્રાની ઈચ્છા પૂરી કરવા 'બહાઈ' મંદિરની ટેકરીથી પૂ.મા સૌ બાળકો અને સાધકો સાથે આશરે એક કી.મી. જેટલા રસ્તા પર પગમાં કશું પણ પહેર્યા સિવાય ચાલીને નીચે ઉતર્યા; અને સૌને યાત્રાની એક ઝલક પ્રદાન કરી, સૌની આશા પરિપૂર્ણ કરી. પનામાના મુખ્ય મંદિરમાં પૂ.માનો જાહેર કાર્યક્રમ રાખવામાં આવ્યો. પૂ.માનું સ્વાગત અને પ્રવચનો ઉપરાંત ભજનનો કાર્યક્રમ યોજાયો.

સત્સંગ યાત્રાના ટૂંકા સમય દરમ્યાન પનામાના બાળકો પૂ.માના પ્રત્યે ખૂબજ આકર્ષાયાં અને પૂ.માના પ્રેમથી પ્લાવિત થયા. પૂ.માએ પણ એમનો પ્રેમ પારખ્યો, સમસ્યાઓ સાંભળી અને તે સૌ પ્રભુ પંથે વળે એ માટે માર્ગદર્શન પ્રદાન કર્યું. ઘણાં બાળકોએ પૂ.માનો એ સંદેશો ઝીલ્યો. નિયમિત પ્રણામ અને પ્રાર્થના કરવાના અને અભક્ષ્ય પદાર્થોનું ભક્ષણ ન કરવાના નિયમો લીધા.



પનામાની ધરતી પર પૂ.માના પધારવાથી સત્સંગ યાત્રાનું આયોજન થયું. શ્રી વસંતભાઈની ઈચ્છા પૂરી થઈ. પનામાને આંગણે પાંચ દિવસનો એક અનેરો પ્રસંગ યોજાયો. સૌ સાધકોએ પૂ.માનું સાન્નિધ્ય અને કૃપાદષ્ટિ મેળવી. પનામાની જનતાને પૂ.યોગેશ્વર પ્રભુજી અને પૂ.માના આધ્યાત્મિક જીવન અને કાર્યોનો વધુ પરિચય થયો. પૂ.માએ બાળકોને એ સાધકોને માર્ગદર્શન આપી, સન્માર્ગ ચીંધ્યો. તેમના ભક્તિભાવમાં અભિવૃધ્ધિ કરી, જાગૃત કર્યા. પનામાના બાળકો પૂ.માના પ્રેમથી ભીંજાયાં. પૂ.માની કૃપાદષ્ટિથી ધન્ય થયા. માનવ જીવનને નવો રાહ મળ્યો. પનામાની પૂ.માની પ્રથમ યાત્રા દરમ્યાન જે બીજ રોપાએલું તે પછીની યાત્રાઓના પરિણામે એક સુંદર વૃક્ષરૂપ ઊગી રહ્યું છે, એવું લાગ્યું. સંતનું ક્યાંય પણ વિચરણ જનહિત માટેજ હોય છે, તેની પ્રતીતિ અમેરિકા ને કેનેડાથી આવેલ સાધક ભાઈબેનોને—પ્રભુકૃપાથી થઈ.

માના જીવનમાં સતત કોઈ ને કોઈ ભક્તની સીઝન ચાલે છે. કેટલાક તો બારમાસી ફૂલ. **—મા**

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**n સ્થાપત્ય કન્સ્ટ્ક્રશ્ન n**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# સ્વર્ગારોહણમાં સત્કર્મો

નારાયણ હ. જાની

તા.૧૮ મી માર્ચ પ.પૂ.મહાત્મા શ્રી યોગેશ્વરજીનો નિર્વાણ દિન સને ૧૯૮૪માં આ દિને પૂ.શ્રીએ પોતાના ભૌતિક તનનો પરિત્યાગ કર્યો, ને પોતે સૂક્ષ્મ સ્વરુપમાં પ્રતિષ્ઠિત થયા. એની પ્રતીતિ પૂ.શ્રીએ અનેક રીતે આપી છે. પૂ.માનું અનશન ને મૌનનું તપસ્વીજીવન એનું પ્રત્યક્ષ ભૌતિકસ્તરનું પ્રમાણ છે, ઉદાહરણ છે.

આ વર્ષે પૂ.માની ઉપસ્થિતિમાં અંબાજી ખાતેના સ્વર્ગારોહણમાં—આ દિનના સાધના યજ્ઞમાં ભાગ લેવા શ્રી યોગેશ્વર પરિવારના ઘણા બધા સાધક ભાઈબહેનો આવી પહોંચ્યાં. એટલે તે દિને વ્યક્તિગત સાધનાના નિયમો સાધકોએ લઈ, તે પૂર્ણ કર્યા.

પરંતુ પૂ.મા અંબાજી હોય ત્યારે કોઈને કોઈ પ્રકારનાં સત્કર્મો કરવા દેશ વિદેશના સાધકો આવી પહોંચે. એ રીતે આ વર્ષે તા.૧૫ માર્ચ થી તા.૨૦ માર્ચ ના રોજ(તા.૧૮ સિવાય) પાંચ દિવસ દરરોજ અનાથ ગરીબ પરિવારોને અન્નની સહાય આપવામાં આવતી. આ ઉપરાંત સ્ટીલની કથરોટ, ચોરસા, શેત્રંજી, ટુવાલ તેમજ બીસ્કીટ, બુંદી, છાસ વગેરેનો પ્રસાદ પણ અપાતો ઉપરાંત દરેકને રૂા.૧૦૦/રોકડા.

### પહેલું સત્કર્મ—તા.૧૫ માર્ચ

પ્રથમ તારીખ ૧૫ માર્ચના સત્કર્મના આર્થિક સહયોગીઓ હતા. શ્રી રમણભાઈ ભક્ત(પનામા) જેમના તરફથી દરેકને



૧૫ કીલો અનાજ ને પાંચ કીલો કઠોળ, છાસ ને રૂા.૧૦૦ રોકડા, તો શ્રી રીટાબહેન મધુસૂદન દેસાઈ(કેનેડા) વતી પુત્ર વીકીએ કથરોટ, ચોરસા અને બુંદી ચવાણાનો પ્રસાદ—જમવા ને લઈ જવા આપ્યો. તો શ્રી હંસાબહેન ભગુભાઈ પટેલ તરફથી શેત્રંજી, ટુવાલ અને બીસ્કીટ, અપાયાં. કેનેડાના શ્રી જયંતીભાઈ પટેલના પૌત્ર શ્રી અનિશ સંદીપભાઈ પટેલે પણ સહુને બીસ્કીટ વહેંચ્યાં. સતત અભાવો વચ્ચે જીવતા આ ભાઈ બહેનોને જોઈને આપણું હૃદય કરુણાર્દ્ર બની જાય. જીવનમાં કદી આટલી વસ્તુઓ એક સાથે ન જોનાર આ વ્યક્તિઓની આંતરિક પ્રસન્નતા એમના મુખો પર તરી આવતી. પૂ.માની કૃપા તેમજ અંબાજી ખાતેના સ્વર્ગારોહણના પરિણામે જ તેઓ આ બધું પામ્યાં છે, તેની ખુશી તેઓ હાથ જોડી જોડી વ્યક્ત કરતાં હતાં.

### તા.૧૬મીનું સત્કર્મ

આજના મુખ્ય દાતા છે શ્રી દીનાબહેન અને શ્રી નિલેશ ભાઈ(પનામા). તેઓ પૂ.માના પરિચયમાં પનામાની શિબિર વખતે ૨૦૦૫માં આવ્યા. સત્કર્મોની કેસેટો જોઈ ભારત આવી સત્કર્મ કરવાની પ્રેરણા જાગી. તેમની વિશેષતા એ રહી કે પૂ.મા સ્વર્ગારોહણમાં ન હતાં છતાં અહીં રહ્યા ને આદિવાસી વિસ્તારમાં સેવકો સાથે ફરીને લોકોની પરિસ્થિતિ જાતે નીહાળી સહાય માટેની યોગ્ય વ્યક્તિઓને પોતે સર્વે કરી પસંદ કરી આમંત્રણ કાર્ડ આપ્યાં. આ દંપતીનો પૂ.મા તેમજ ગરીબો પ્રત્યેનો ભાવ ખરેજ અદ્ભુત જણાયો.

આજના ૧૦૦ લાભાર્થી ભાઈ બહેનો ઝાંઝવાસ, કાલી કાંકણ અને આંજણી ગામોના છે. આ ગામો અહીંથી ૫૦ કી.મી. દૂર છે.

બીજા આર્થિક સહયોગી અમેરિકા નિવાસી પૂ.માના પરિચયમાં ૨૦૦૫માં જ આવ્યા. તેઓને પણ સત્કર્મોની કેસેટો જોઇ–સેવાયજ્ઞમાં જોડાવાની ભાવના થઇ. તેમનું નામ છે શ્રી પિનાકીનભાઇ. તેમના તરફથી લાભાર્થીઓને ચોરસા, શેત્રંજી અને ઠંડી છાસ મળી.

પૂ.મા લખે છે કે આપણે સક્ષમ હોઈએ છતાં આપતાં અચકાઈએ, પરંતુ નિલેશભાઈએ તો પોતા તરફથી અનાજ કઠોળ, બુંદી ચવાણાનો પ્રસાદ અને દરેકને રૂા.૧૦૦/– આપી આ ગરીબોને ખૂબ હૂંફ ધરી છે. તેમની ઉદારતા પ્રશંસનીય છે.

## ત્રીજું સત્કર્મ ૧૭ માર્ચ, ૨૦૧૦

આ ત્રીજું સત્કર્મ ત્રણ દીકરીઓના આર્થિક સહયોગથી સર્જાયું છે. એમનાં નામ છે મૈત્રેયી, પૂજા અને હીરલ. આમ તો ત્રણેય જાની પરિવારની છે. પહેલી બે દીકરીઓ મૈત્રેયી અને પૂજા શ્રી જ્યોત્સનાબહેન ભરતકુમારની દીકરીઓ છે ને હીરલ પિનાકીનભાઈની દીકરી છે. આજના સત્કર્મ અને સાધકોના ભોજનનો ખર્ચ ત્રણેયે સહિયારો કર્યો છે.

લગ્નના ખર્ચમાં ગરીબો માટેનો ભાગ કાઢવાની વાત જાની પરિવારે સ્વીકારી છે. એનો પ્રારંભ થયો છે શ્રી વિનોદભાઇ અને સરોજબહેનની દીકરી ભારવીના સંતોષકુમાર સાથેના લગ્ન પ્રસંગથી.

આજે પણ બધાને અનાજ, કઠોળ, કથરોટ, શેત્રંજી, ચોરસો, ટુવાલ ને બુંદી ગાંઠિયાનો પ્રસાદ વગેરેને રૂા.૧૦૦/– મળ્યા છે.

આ પ્રસંગે કોલ્હાપુરથી આવેલ શ્રી મધુસૂદનભાઇ તરફથી



બહેનોને સાડી, શ્રી સૂર્યકાન્તભાઇ ભટ્ટ તરફથી સ્ટીલનો પ્યાલો અને શ્રી ચંદ્રકાન્તભાઇ તરફથી(પિતાજીની પુણ્યતિથિ નિમિત્તે) બીસ્કીટ ને વેફરનો પ્રસાદ આપવામાં આવ્યાં.

મૈત્રેયી અપરણિત છે. ચારર્ટડ એકાઉટન્ટ (C.A.) છે, જોબ કરે છે. પરદેશ ફરે છે. એનો અનુભવ છે કે પૂ.મા એની પરદેશોમાં પણ સતત રક્ષા કરે છે.

પૂજા પણ જોબ કરે છે. તે કંપની સેક્રેટરી (C.S.) છે. તેને સારા પગારની નોકરી છે. તેણે લગ્ન કર્યું છે. તે પૂ.માને પ્રાર્થના કરે છે કે હે મા મને કદી પૈસા કમાવાનું અભિમાન ના આવે અને અમારી આવકમાંથી અમે પૂ.માના સત્કર્મો માટે હંમેશ ભાગ કાઢતાં રહીએ એવી બુદ્ધિ આપજો. પતિ વિરલ પણ તેને સત્કર્મમાં સહાયરુપ થતા રહે છે.

હીરલના પતિ તેજસે પણ જાની પરિવાર સાથે જોડાવાને લીધે જ પૂ.મા પાસે આવવાનું સદ્ભાગ્ય મળ્યું. તે બદલ ખુશી વ્યક્ત કરી.

## ચોથું સત્કર્મ ૧૯/૩/૧૦

આ ચોથા સત્કર્મના એક પરિવાર છે દાતા શ્રી સરોજબહેન વિનોદભાઇ અને પુત્રી શ્રી ભારવી ને જમાઇ સંતોષકુમાર. શ્રી વિનોદભાઇ અમેરિકાના ન્યુજર્સીમાં રહે છે અને તેઓ પૂ.યોગેશ્વરજી અને મા શ્રી સર્વેશ્વરીના છેક સને ૧૯૮૧ થી યજમાન રહ્યા છે. પૂ.શ્રીની ભૌતિક વિદાય પછી શ્રી વિનોદભાઇ અને શ્રી સરોજબહેને–પૂ.માની અમેરિકાની યાત્રાઓમાં ખૂબ મહત્ત્વનું પ્રદાન કર્યું છે આ અતિ નમ્ર એન્જિનીયરનું ઘર એક ભારતીય મંદિર જેવું છે અને તેમને ત્યાં પૂ.માનો ઉતારો હોય ત્યારે દર માસમાં એકવાર થતા સત્સંગના

કાર્યક્રમમાં ઘણીવાર છેક કેનેડાથી પણ સાધક ભાઈબહેનો ભાગ લેવા આવે છે. ત્યારે તેમનું સરસ સ્વાગત પણ થાય છે. શ્રી સરોજબહેને નક્કી કર્યું હતું કે મારી દીકરીના લગ્નમાં જે ખર્ચ થાય, તેટલી રકમ અમે પૂ.માના સત્કર્મમાં આપીશું.

તો શ્રી ભારવીબેને શ્રી સંતોષકુમાર સાથે લગ્ન સાદાઈથી કર્યાં તેમજ લગ્નમાં જે ભેટો આવી તેની કિંમત આંકી તે બધી જ રકમ અંદાજે અગિયાર હજાર ડોલર અહીંના આદિવાસી વિદ્યાર્થી ભાઈબહેનોને મદદરુપ થવામાં વાપરી છે. શ્રી સંતોષકુમાર દક્ષિણ ભારતના બેંગલોરના છે. ને તીરુપતિ બાલાજીમાં ખૂબ શ્રદ્ધા ધરાવે છે. દર વર્ષે ત્યાં પૂજા કરાવે છે. ભારતીય સંસ્કૃતિના ચાહક છે. પૂ.માએ પસંદગીની મહોર મારી પછી જ ભારવીબહેને લગ્ન માટે સંમતિ આપી. પૂ.માની પસંદગીમાં આ દીકરીની કેવી શ્રદ્ધા! વળી તેણે લગ્નનો ખર્ચ ના થવા દીધો. ઘરમાં જ પૂ.શ્રી ને પૂ.માના મંદિરમાં લગ્નવિધિ કરી. ન કંકોત્રી, ન જમણવાર, ન હોલ—બધો ખર્ચ બચાવી દીધો. શ્રી સંતોષકુમારે તેમના માતાપિતાનું એક જ સંતાન હોવા છતાં તેઓએ આ વાત સ્વીકારી.

પૂ.મા લખે છે ૧૯૮૧ થી શ્રી વિનોદભાઈના પરિવારે પડખે રહી જે સેવા ઉપાડી છે, તે તો દેવોએ પણ વંદન કરવા જેવી છે. કપૂરવનના પરિવારના કહે અમારે પૂ.માની સેવા ને સંભાળ રાખવાની હોય, તે બધું જ તમે ઉપાડી લીધું છે એટલે આ ચારે પાત્રો પ્રેરણાની પરબડી જેવાં છે. તેમની ત્રણે દીકરીઓ છેક બાળપણથી જ પૂ.માના નાના મોટા કામોમાં સેવા પ્રદાન કરી સેવાના સંસ્કાર પામી છે. એથી જ પૂ.માને વિદેશમાં સૌથી વધુ ગમતું ઘર શ્રી વિનોદભાઈનું છે.



છેલ્લા ૨૦ વર્ષથી અતિનિયમિત રીતે પૂ.માએ વિદેશ જવાનું હોય તો એ સેવા આ પરિવાર સંભાળી લે છે. વળી પૂ.માને સવારે જે ફળો ધર્યાં હોય, તે ફરી પાછાં ન ધરે. નવાં જ લાવે અને મૂકે. કેવી ઉદારતા! શ્રી સરોજબહેનની ઘણી વાતો ગાંઠે બાંધવા જેવી છે.

આજના લાભાર્થીઓને રોજની ચીજો ઉપરાંત શ્રી બીનાબહેન અને હેમંતકુમાર તરફથી દૂધ કોલ્ડ્રીંકનો પ્રસાદ વહેંચવામાં આવ્યો તો સાધકોને મિષ્ટ ભોજન ઉપરાંત આઈસ્ક્રીમનો પ્રસાદ શ્રી ભારવીબહેન ને સંતોષકુમાર તરફથી પ્રાપ્ત થયો.

શ્રી વિનોદભાઈ અને સરોજબહેને પણ પોતાના ટૂંકા વક્તવ્યમાં પૂ.માના આગમને તેમના જીવનમાં જે પરિવર્તન આણ્યું ને જીવનના મૂળભૂત ઉદ્દેશ્યની સમજ પ્રાપ્ત થઈ, તે બદલ પૂ.મા પ્રભુનો ખૂબ આભાર માન્યો. તેઓ પૂ.માને પોતાના પરિવારના સભ્ય જ માને છે.

આજે જે સો પરિવારો પુરસ્કાર પામ્યા તે અંબાજી પાસેના ચીખલા, મોટાબાવા, નાનાબાવા, ચણિયારા વગેરે ગામોના હતા.

## પાંચમું ને છેલ્લું સત્કર્મ—તા.૨૦ માર્ચ,૧૦

આ માર્ચ માસના છેલ્લા સત્કર્મના આર્થિક સહાયક પરિવારો છે. શ્રી હંસાબહેન અને અંબુભાઈ તેમજ શ્રી પદ્માબહેન—વાસુદેવભાઈ બન્ને પરિવારો કેનેડાના છે.

શ્રી પદ્માબહેન પૂ.મા સાથે અભ્યાસકાળથી સંકળાયેલ છે. સાથે હોસ્ટેલમાં પણ રહેલાં. તે વખતની મિત્રતા. એમના

લગ્નમાં પણ એમને ગામ ગયેલાં. એમને લગ્નમાં એક બહેનપણી સાથે મળી પૂ.માએ નાની ઈલેક્ટ્રીક સગડી ભેટ આપેલ. પૂ.મા લખ ે છે.

શ્રી પદ્માબહેનનાં પિતા શ્રી છગનભાઇ કેદારિયા પાર્લામેન્ટના ૧૫ વર્ષ સભ્ય રહ્યા ને તેઓ પ્રધાન પણ બનેલા. એટલે પદ્માબેહન વિદ્યાર્થીકાળનાં પાત્ર છતાં પૂજ્યભાવે જુએ અને સાંભળે, તેમજ સત્કર્મમાં ભાગ લે તે એક વિરલ ઘટના
કહેવાય. વળી પૂ.મા લખે છેઃ—

શ્રી અંબુભાઇ અને હંસાબહેનનો પરિચય ૧૯૮૮માં અમેરિકાના એક મંદિરમાં—અચાનક થયેલો. સત્સંગના તે પરિચયમાં કહેલું ટોરન્ટો આવવાનાં છીએ ત્યાં મળજો. અને મળજો એ શબ્દને પ્રભુએ કેવો સજાવ્યો. કે આખો પરિવાર અહીં સ્વર્ગારોહણ આવી ગયો. પરિવારના નાના બાળકથી માંડી શ્રી અંબુભાઇ સુધીના દરેક જણ અધ્યાત્મના રંગે રંગાયા છે. એમનાં બાળકોનાં નામ પણ પૂ.મા પાસેથી લીધાં છે. ધ્રુવ, અર્જુન, ઉમા, દર્શન, નિત્યા, અનિલ, ઉમેશ, હિતેશ વગેરે. આ બધાં જ બાળકો પૂ.માના સમર્પિત ભક્તો છે. એ દરેકની વિશેષતા છે પૂ.મા પાસે આવનાર દરેક પોતાની આગવી શ્રદ્ધા ભક્તિની સંપત લઇને આવે છે. શ્રી અંબુભાઇ અને
હંસાબેને પણ પ્રાસંગિક વ્યક્તવ્યો આપ્યા.

બે વર્ષ પહેલાં આજ દિવસે ભક્ત ત્રિપુટીનો ભયંકર અકસ્માતમાંથી પ્રભુની કૃપાથી જ બચાવ થયેલો. એટલે એ ત્રણ જણનો—અમી, અતુલ અને મહાલતાબહેનનો આજે નવો જન્મ ગણાય. એથી પૂ.મા તેઓ ત્રણને બોલાવીને ૐ યોગેશ્વર



ના હોત તો જે રીતે વાહનને અકસ્માત થયો હતો, તે જોતાં આમાંનું કોઇ બચ્યું ના હોત.

આ સત્કર્મમાં ઉપસ્થિત રહેલ પૂ.શ્રીમાનાં મોટાં બહેન શારદાબહેન તરફથી પણ લાભાર્થીઓને સ્ટીલની હાંડી ભેટ આપવામાં આવી, જે એમના રોજિંદા જીવનમાં ઉપયોગી ઠરશે.

પાંચ દિવસોના આ સત્કર્મોમાં કુલ ૫૦૦ ગરીબ પરિવારો ૧૦,૦૦૦ કી.લો. જેટલું અનાજ ને કઠોળ, તેમજ દરેક જણ કથરોટ, ચાદર, શેત્રંજી, ટુવાલ; વિશેષમાં પુષ્કળ બુંદી ગાંઠિયાનો પ્રસાદ અને બીસ્કીટો તથા ઠંડી છાશ—પણ પામ્યાં. રૂા.૧૦૦/— પણ.

પૂ. શ્રીની કોઇ અકળ યોજનાના ભાગ રૂપે જ સ્વર્ગારોહણની સ્થાપના અંબાજી ખાતે થઇ તેથી જ આ ગરીબ અભાવગ્રસ્ત માણસો જીવનમાં પૂ.માને લીધા આવી રાહત પામવા ભાગ્યશાળી થયા છે. પૂ.માની આવી કરુણામયી દૃષ્ટિનો જય હો.

તા.૧૮ના રોજ ગ્રામ્ય વિસ્તારમાં જઇ સહુને બુંદી ને ગાંઠિયાનો પ્રસાદ પણ વહેંચવામાં આવ્યો.

રાતની બેઠકોમાં કેનેડાના શ્રી જયંતીભાઇ પટેલે—પોતાની હળવી શૈલીમાં પોતાના જીવનમાં પૂ.માના પરિચયે કેવું અદ્‌ભુત પરિવર્તન થયું છે, તે વાતો જણાવી. શ્રી સુરેશભાઇ શાહે પણ પૂ.માના વિદેશમાં આગમનને પરિણામે યુવાનોમાં કેવો સરસ ભક્તિભાવ જગાડ્યો છે તેમજ વ્યસનો ને અભક્ષ્ય પદાર્થોથી તેમને કેવા બચાવ્યા છે, તેની સરસ વાતો કહી.

# પૂ. માની નિત્યનોંધ

મા સર્વેશ્વરી

**તા. ૮–૧૨–૦૭ મહાબળેશ્વર**

શ્રી હરિ પૃથ્વી ઉપર મોકલેલા સર્વ સંતાનને ચાહે છે. પછી તે સાપ હોય, વાઘ હોય, રીંછ હોય કે માનવ હોય કે પશુ કે પંખી, જીવ કે જંતુ હોય. સૌને ખૂબ પ્રેમથી જીવાડે, સંરક્ષે, પોતાના કાર્યો કરાવે.

એ જ રીતે શ્રી હરિ આ માને પણ ખૂબ ચાહે છે. પ્રેમ કરવાની અલગ અલગ રીતે છે. કોઈક ઉપર પ્રેમ હોય તો તેને માટે પ્રાર્થના થઈ શકે, તેને મદદ કરી શકીએ, તેને મળવા જઈ શકીએ, તેને પત્ર લખીએ, તેને ફોન કરીએ, તેની સતત સૌ સામે પ્રશંસા કરીએ, તેની સાથે જ રહીએ આ રીતે વ્યક્તિ વ્યક્તિને ચાહી શકે છે.

શ્રી હરિ પણ ઉપરની બધી રીતે માને ચાહે છે. એના અનેક દૃષ્ટાંતો—સાબિતી, પ્રત્યક્ષ પ્રમાણ પણ ધરતો રહે છે.

આપણને માનવદેહ મળે તે માટે શ્રી હરિએ જ પ્રાર્થના કરી હશે. માનવદેહે હરિસ્મરણ કરવામાં મદદ કરી હશે. શ્રી હરિ મળવા પણ આવે જ છે. હા, માને લાગે છે કે શ્રી હરિ પોતે આ

તેજસ્વી દૈવી પ્રકાશનું સ્વરૂપ સજીને અહીં માને મળવા આવ્યા કરે છે. મા ગમે છે તો થોડા થોડા દિવસે શ્રી હરિ માને મળવા આવે છે. મા તો ત્યાં હરિના દ્વારે મળવા જઈ શકતાં નથી, તો શ્રી હરિ પોતે જ સમય કાઢીને પ્રકાશના તેજનું વસ્ત્ર પહેરીને માને મળવા દોડી આવે છે. કેટલો બધો નજીક આવીને



મળે છે! એ પ્રકાશસ્વરુપ શ્રીહરિ કદી આસન માંગતો નથી કે સ્વાગતના પુષ્પહાર કે સન્માનના બે બોલ પણ માંગતો નથી. ચૂપચાપ મૌન ધરીને પોતાના પ્રિય પાત્રને—બાળને મળી લે છે. જાણે દર્શન દઈને વ્હાલ કરી લે છે.

એ પ્રકાશના કિરણોનું કદાચ જરા પણ વજન ના હશે. હળવાં ફૂલ જેવાં હશે તો જ તે અવકાશમાં નર્તન કરી શકે ને? એ કિરણો ઉપરથી જ પ્રગટે ને ઉપર અવકાશમાં જ વિલીન થઈ જાય.

દરેક સ્થળે અવકાશ તો મળી જ રહે છે. એવા ફૂલ જેવા પ્રકાશકિરણને આપણે મળવું હોય તો આપણે પણ સર્વ સંસારને સર્વ નીચેની દુનિયાને ખાલી કરી હળવા થવું પડે.

હળવા થઈ જઈએ રાગદ્વેષથી, કામ ક્રોધથી, લોભમોહથી તો કદાચ શ્રી હરિ કે તેના પ્રકાશિત તત્ત્વોને સહેલાઈથી મળી શકાય.

સમકક્ષ હોય તે સહેલાઈથી મળી શકે. આ પ્રકાશ દર્શન માને ખાલી થઈને હળવા થવાનું કહી રહ્યું છે.

પ્રકાશ દર્શનથી મા જાણે આનંદથી ઉભરાઈ રહ્યા છે. આ પ્રકાશદર્શન જાણે હવે વિસ્તૃત થઈ રહ્યું છે.

પ્રકાશદર્શનનો કોઈ ચોક્કસ સમય કે સ્થળ નથી હોતા. ઘણી વાર તો સ્નાન કરતાં કે લેખન કરતાં કે શીર્ષાસન કરતાં કે કોઈ જોડે વાતો કરતાં કે વ્યાયામ કરતાં કે યાત્રા કરતાં, ફળાહાર કરતાં કે કે મંત્રજાપ કરતાં હોઈએ ત્યારે પણ અચાનક પ્રકાશદર્શન થઈ જાય છે.

પ્રકાશનાં એ કિરણો જાણે માનો સનાતન સાથીસંગાથી છે.

શ્રી હરિએ મોકલેલો એ પ્રસાદીથાળ જેવા છે. બધા કાળક્રમે છોડી જાય પણ એ દેશ, વિદેશ, જંગલ કે વસ્તીમાં ક્યારેય છોડી જતા નથી.

એ પ્રકાશતત્ત્વની લંબાઇ, પહોળાઇ, ઊંચાઇ કે જાડાઇ મપાતી નથી. બધાં જ કિરણો એક સરખાં નથી હોતાં. હા, બધાનું તેજ એક સરખું હોય છે. પણ જે કિરણો પ્રગટે છે તે અતિ આકર્ષક, મન મોહક, સતત જોયા કરવું ગમે તેવાં હોય છે.

હે પ્રકાશ સ્વરૂપ પરબ્રહ્મતત્ત્વ, હે પ્રગટ પરમાત્મા, હે તેજ પૂંજ, હે તારકનાથ આપને, આપની પ્રગટવાની રીતને, આપના એ સ્વરૂપને અમારા લક્ષકોટી પ્રણામ, પ્રણામ, પ્રણામ. લક્ષકોટી અનંત પ્રણામ. અનંત જન્મોના એ પ્રકાશિત સખા આપના પાવન શ્રી ચરણોમાં પ્રણામ, પ્રણામ, પ્રણામ. આ પ્રણામથી પ્રસન્ન થઇ, પ્રગટ થઇ, સનાતન સાથી બનીને મા સાથે જ રહેવા પધારો. આ માનો માનવ દેહ આપનો જ છે. આપ પધારો, પ્રવેશો, પરમ સુખ ધરો, પરમ શાંતિ ધરો.

હે સનાતન સાથી, સદા કાજ અમારા નેત્રો આપનું જ દર્શન કર્યા કરો. અમારી આ કલમ આપનું જ વર્ણન કર્યા કરે. આ અમારા હાથ આપને જ જોડાયેલા રહો. આ અમારા મન આપને જ અખંડ સ્મરે એવી કૃપા કરો. આશીર્વાદ આપો. પ્રસન્ન થાવ, પ્રગટ થાવ, પ્રત્યક્ષ થાવ.

એનો સનાતન સાથ પામવા આ મા પાસે ધારેલી સર્વશ્રેષ્ઠ સાધના કરાવી લો. જગજંજાળથી, ભક્તજંજાળથી, સત્કર્મોના વળગણોથી વાળી લો, વાળી લો. તેડી લો. ખેંચી લો.

સમજાવી, પટાવીને અંકે લઇ લો. પૃથ્વી ઉપર સર્વશ્રેષ્ઠ અભિનય ભજવાવી આપના શ્રી અંકે સદાકાજ સમાવી લો.



આજે ૩૩૪ માળા થઇ ગઇ.

આજે ગાયત્રીના બાળકો ઋષભ, શુકનને અમેરિકાનું નાગરિકત્વ પ્રાપ્ત થયું તે સમાચાર પ્રથમ એઓ માને આપવા માંગતા હતા. માને એવા નિકટના સ્વજન ગણ્યા છે.

એ બાળકોએ પિતાનું છત્ર ગુમાવ્યું પછી દાદાજી વિદેશ લઇ ગયા. આજે ત્યાંનું નાગરિકત્વ પામે છે તો તેમાં પ્રભુની વિશેષ કૃપા નોંધપાત્ર છે. પરમેશ્વર જ પિતા બનીને જાણે એ બન્ને બાળકોને દાદાજી દ્વારા ઉત્તમ છત્ર ધરી રહ્યા છે. હે પરમપિતા પરમેશ્વર, આપનો આભાર. આપે ગાયત્રીની શ્રદ્ધા ઉપર સફળતાની મહોર મારીને એ બાળકોને જાણે અંકે લઇ લીધાં છે.

આજે મા ગાયત્રી સાથે તથા બાળકોના બા મંજુલાબેન સાથે વિદેશ ફોનથી વાતો કરે છે. પ્રભુનો વારંવાર આભાર માનતાં અ ે બન્ને પાત્રો અતિપ્રસન્ન હતાં.

આજે રાતની બેઠકમાં પૂજાએ મા સાથેનાં સ્મરણો અંગ્રેજીમાં રજૂ કર્યાં છે.

અહીં આખો દિવસ શાંતિ હોય છે. પ્રકાશદર્શન ઉપર આજે પણ કલમ ચાલી છે. અહીં મન અંતર સતત પ્રસન્ન રહે છે. એનું એક કારણ સહયાત્રીઓ સર્વપ્રકારે અનુકૂળ છે.

જીગીશા, ક્ષીપ્રા, નીલા, મંજુબેન, જ્યોત્સ્નાબેન, રાજીવ, આનંદ, અનિલ, જગુભાઇ સૌ અતિ પ્રેમાળ, શ્રદ્ધાળુ, સર્વપ્રકારે સહાયક પાત્રો છે તો અહીંનો નિવાસ સુખપ્રદ રહ્યો છે.

આ બધા જ પાત્રો સાથે વળી શનિ–રવિ બીજલ, પૂજા પણ આવીને રહે છે. બધા જ મા ઉપર સતત પવિત્ર પ્રેમનો, પૂજ્ય ભાવનો અભિષેક કર્યા કરે છે. તો વળી શ્રી નિર્મલ પણ પેલી કલ્પુની જેમ સરસ અંગત રીતે માની સંભાળ સ્નેહાળ સખી

બનીને રાખી રહ્યાં છે. આવાં પ્રેમાળ પાત્રો જાણે પ્રભુના પ્રસાદ જેવાં છે. પ્રસાદ પામીને પ્રત્યેક માનવ પ્રસન્ન થાય એ રીતે મા પણ અહીં પ્રસન્ન છે. પ્રસન્નતાના સ્વામી માની સાથે દિવ્ય સંગાથી તરીકે વસી રહ્યા છે. તો જ આ આનંદ એકધારો ટકી રહ્યો છે.

આ નિવાસને વધુ ને વધુ અનુકૂળ બનાવવામાં જે જે સહાયક થયા તે તે સૌને અભિનંદન.

અહીં ભાઇ આનંદ પૂછે છે ચાલો મા મંદિરે. પણ આજે માને બહાર જવું નથી. અહીં આ ઓરડામાં જ આંટા મારતા આજના મંત્રજપ પૂરા કરે છે. દરરોજ ૩૩૪ માળા થઇ જાય છે. હે મંત્રરાજ, આપના પાવન ચરણે પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(ક્રમશઃ)

મનને રૂપ—આકારની ટેવ પડી છે. એમાંથી ઉપર ઊઠાવો. —મા


**સદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪




# વિદેશની ધરતી પર પૂ. માની યાત્રા

(ગતાંકથી આગળ) **મા સર્વેશ્વરી** અનેક

વર્તમાનપત્રોમાં મોટામોટા ફોટાઓ સાથે દિવસો સુધી ચમકતી રહી છે.

તો એ તેજસ્વી તારલીનું સનાતન મા કરે જ ને! મા કરાવે પણ ખરાં.

વિશેષતાને વધાવવામાં ન્યાત, જાત, સગપણ દેશ, કાળ, વય કોઇ નડતાં નથી. વધાવવાની જે જે ફરજો છે તે તે નિષ્પક્ષ છે, નિષ્પક્ષ હોવી જ જોઇએ.

પૂજાનું પ્રેરક પ્રકરણ અહીં શ્રી હરિની કલમે વિરામ પામે છે.

ફરી આજની યાત્રા હવે આગળ વધી રહી છે. હરતી ફરતી સંકીર્તન મંડળી આજે તો વાંજિંત્રો સાથે બસમાં સજ્જ છે. ધ્રુવ, અર્જુન, જનક ઢોલક, મંજીરા સાથે ભાઇ હિતેશ પણ તૈયાર છે.

બસ ગતિ પકડે તે પહેલાંજ નવમંત્રગાન પ્રારંભ પામે છે.

સૌને ગઇકાલેજ સફેદ ટોપી જેના ઉપર રાષ્ટ્રધ્વજને તેમાં ૐમા લખેલું છે આપવામાં આવી છે. સૌએ તે પહેરી છે. સાથે ગળામાં ટકાવેલો નામનો બિલ્લો છે. જેમાં ભારત/કેનેડા/ અમેરિકાનો ધ્વજ ને સ્વરૂપો અને નામ ને બીજી માહિતી પણ છે. તે પણ સૌના ગળામાં શોભી રહ્યો છે.

ભાઇ ઉમેશનો તથા ભાઇ વિકાસના પરિશ્રમનો એ પ્રસાદ એ સેવકોનું સ્માણ કરાવી રહ્યો છે.

તો વળી સૌના હાથમાં સફેદ થેલી છે. ગીતાબેન તે શોધી

લાવ્યાં છે એમાં પણ દરેકનું નામ છે.

તો વળી ભાઇ અનિલે તૌયાર કરેલી આજની પત્રિકા પણ સૌના હાથમાં આવી ગઇ છે જેમાં ગઇકાલના ફોટા છે. આજે ક્યાં જવાનું? શું જોવાનું છે તે અને હેમાલીનો લેખ પણ છે. એમાં

યાત્રા જાણે એકદમ વ્યવસ્થિત રીતે ચાલી રહી છે, એવું લાગે છે.

સૌ સંકીર્તન મસ્તી માણતા માણતા હવે દરિયા કિનારે ઉતર્યા છે.

બાળકોને ખો–ખોની રમત મા શરૂ કરાવે છે, તે પછી ક્રિકેટ રમે છે. કેટલાક શાંતિથી બેઠાં છે.

મા સૌને સમંદરને વંદન કરવા એકસાથે લઇ ગયાં છે ત્યાં સાગરસ્નાનનો આનંદ છંટકાવ દ્વારા મા સૌને આપે છે.

મા પણ એક મોટી શીલા ઉપર બેઠાં છે, જપ કરે છે, સમુદ્રના ફોટા લેવાયા છે. વડીલોએ ભોજન બનાવ્યું છે. આકાશીછત્રને ધરતી ઉપર એ કાર્યક્રમ અચાનક થયો છે, સૌ પ્રેમથી ભોજન લે છે.

આ યાત્રામાં નયના, પૂજા બન્ને ફળાહાર ઉપર જ દિવસો વીતાવે છે એ રીતે શારીરિક આરોગ્યની ઉત્તમ તક એમણે ઝડપી લીધી છે.

સૌ આ સંમદરને તીરે મનમૂકીને રમ્યાં છે, વાતાવરણ એકદમ અનુકૂળ હતું.

અને પાછું નવી શક્તિનું બળ સાથે લઇને આખી મંડળી બસમાં બેઠી છે. લગભગ ૧ કલાકમાં આજના સ્થળે બસ આવીને ઉભી રહી છે અરે, બાળકો અહીં પણ ગરબા લે છે.



માર્ગમાં પૂજાની D.V.D પણ સૌ માણે છે.

સૌ પોતપોતાના ઓરડામાં પોતાની બેગ જાતે જ લઇને પહોંચી ગયા છે.

આજની પ્રાર્થના સાંજની બસમાં જ થઇ ગઇ છે જેથી રાતની બેઠક બંધ રાખી છે.

સૌ વિશ્રામ કરે છે. એવું લખી શકાય પણ મોડી રાત સુધી યુવાન ભાઇબેનો સત્સંગની મોજ માણતાં રાતે બે ત્રણ વાગ્યે વિશ્રામ લે છે.

ભાઇ અનિલ, હિતેશ સતત કોમ્પ્યુટરની સેવામાં કાર્યરત છે. દરરોજ નાની આઠદશ પાનાની પત્રિકા સૌના હાથમાં આવે છે તેનો પરિશ્રમ આખી રાતનો હોય છે.

એ રીતે અતિનિયમિત ભોજન કે નાસ્તા પાછળ સતત શ્રી રૂક્ષ્મણીબેન શ્રી પ્રભુદાસનો પરિશ્રમ પથરાયેલો હોય છે.

સૌના પરિશ્રમનો સૌની સેવાનો થાળ સ્વીકારતા સ્વીકારતા સૌ આનંદ, મસ્તીથી નિશ્ચિંત બનીને ઘર, શિક્ષણ, સગા, સ્નેહી, માતાપિતા ભૂલીને યાત્રાની મોજ માણી રહ્યા છે.

હે હરિ, આપ સુરક્ષિત રીતે સૌને સંભાળી રહ્યા છે. આપના અનંત ઉપકારો સામે અમારા અગણિત પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ.

**૧૬/૭/૦૮ ચાર માઉપ**

આજે વિશ્રામદિન છે. મા માટે. પ્રણામનો, પત્રનો, જપનો, લેખનનો વિશ્રામ નહીં, માત્ર ફરવા જવાનો, આંખનો પરિશ્રમ આજે શાંત થયો છે.

પ્રણામ તો થયા જ છે. વ્રત પણ સુરક્ષિત છે. તો જપ પણ

દરરોજ ૩૩૩ માળા થાય જ છે. આજે પણ થઈ જ છે લેખન પણ થયું જ છે.

વિશ્રામદિન લખવું તેના કરતાં ચિંતનદિન. નામ યોગ્ય છે.

યાત્રા શા માટે? કોને માટે? ક્યાં સુધી આ યાત્રા? કોનું કલ્યાણ કરવાનું છે? કોને સંનિધિરુપની પ્રાણવાયુની જેમ જરૂર છે?

આ બધા જ પ્રશ્નો તો છે, પણ એના પ્રત્યુત્તર પણ પ્રભુ પાસે જ છે. એટલે માને એની ચિંતા કરવાની જરૂર નથી.

બેન પૂજાની એક સાત્વિક ઇચ્છાનું આ વટવૃક્ષ છે. એક યુવાન દીકરીની સાત્વિક ઇચ્છા પૂર્ણ કરવા શ્રીહરિ કોનું ક્યાં આયોજન કરે છે? કેટલાને એમાં જોડે છે? કેટલાબધાની સેવા લે છે? એનું દર્શન આ યાત્રામાં મળશે.

સૌ આજે દીવાદાંડી જોઇ આવ્યાં. પૂજાના એક સંકલ્પે સૌને વિવિધતાનું દર્શન થઇ રહ્યું છે.

દીવાદાંડી સૌના જીવનમાં તે જરૂરી છે. અંધકાર સૌને ઘેરી વળે છે. ઝંઝાવાત સૌના જીવનમાં સામા આવે છે. ત્યારે દીવાદાંડી માર્ગ બતાવે છે. દીવાદાંડી ૨૪ કલાક સેવામાં ઊભી છે. એને સેવાનો થાક નથી. કંટાળો નથી. રજા પણ તે માંગતી નથી. તે પગાર વધારો એવી પણ માંગણી કરતી નથી. તે જો માંદી પડે તો તેને તરત જ સાજા થઇ જવું પડે છે. દીવાદાંડીની એ સેવા સાચે જ અભિનંદનીય છે.

આપણા જીવનમાં પણ સઘળું દીવાદાંડી બનીને આવે છે. સાચી દિશા બતાવે છે. અંધારે ભરાતા પગલાને અજવાળા બાજુ હળવેકથી વાળી લે છે. આપણા જીવનના એકએક ખૂણાને પોતાની લાઇટ થી તપાસતી રહે છે. સૌને સતત સાચી દિશા



બતાવવાનું સત્કર્મ જીવનભર તે કરતી રહે છે. જેને જેને એવી સદ્‌ગુરુરૂપી દીવાદાંડી મળી હોય, તે તે ભાગ્યશાળી છે.

આજે સૌ ૧૨થી૯ લગભગ ૧૦ કલાક બહાર ફર્યા છે. વિશાળ પાર્કમાં વિવિધ રમત રમ્યા છે. બહાર જ ભોજન મગને ભાતનું રૂક્ષ્મણીબેન જેવાં અનેક વડીલોએ બનાવીને સૌને તૃપ્ત કર્યા છે.

યાત્રામાં બાળકો પણ સેવા શોધી લે છે. પીરસવાની, પાથરવાની, પાણીની, વાસણ સ્વચ્છ કરવાની. એ રીતે યાત્રામાં તાલીમ મળે છે સેવાની.

યાત્રામાં નિયમિતતાની પણ તાલીમ મળે છે. સૌ નિયમિત તૈયાર થઇ જાય છે. તો યાત્રામાં સ્વાશ્રયી જીવનની પણ ટેવ પડે છે. પોતેજ પોતાની બેગ લઇને પાછા લાવે છે. તો યાત્રામાં શિસ્તની તાલીમ પણ મળે છે. જાહેરમાં મૌન કે સમૂહમાં પ્રાર્થના શીખવા માંડે છે.

યાત્રા ઘરમા વળગણોથી હળવા કરવામાં પણ સહાયક થાય છે.

હે હરિ, સૌની યાત્રા સફળ કરો, સૌને સુખ શાંતિ ધરો, સૌને આપનું સ્મારણ ધરો. પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ.

(ક્રમશઃ)

# રસેશ્વરી

(ગતાંકથી આગળ) શ્રીયોગેશ્વરજી

'અરે, તારી આંખમાં અશ્રુ કેમ આવ્યાં?' રાધા ગળગળી બનતાં બોલી ઊઠી; 'કૃષ્ણની વાંસળી યાદ આવી કે શું? કે પછી એના સ્વર્ગીય સુમધુર સ્વરો અદૃષ્ટ રીતે કાને અથડાયા?'

સુપ્રિયા સ્વસ્થ બનીને કહેવા માંડી:

'ના. એવું નથી.'

'તો પછી?'

'મને એક વાતની કલ્પના થઇ.'

'શાની?'

'મને વિચાર આવ્યો કે ભવિષ્યમાં તારે કૃષ્ણની સાથે શ્વાસ લેવાનું થશે તો મને તારી સાથે રાખીશ ખરી? મને તમારે બંને માટે પ્રેમ છે.'

રાધા ભાવાર્દ્ર બનીને બોલી:

'હજુ મારે કૃષ્ણની સાથે રહેવાનું તો થાય! થશે તો તને જરુર સાથે રાખીશ. પરંતુ તું કાંઇ આજીવન એકલી રહેવાની છે? કોઇક કૃષ્ણની સ્નેહવાંસળીના સૂર તને પણ સંમોહિત કરશે ને પોતાની બનાવશે.'

'તેની ચિંતા તું ના કરતી. બીજી સ્નેહવાંસળી મને કદી પણ સંમોહિત નથી કરવાની.'

'મને પણ ક્યાં સંમોહિત કરવાની હતી? અહીં આવ્યા પહેલાં મને એવી સ્વપ્ને પણ ક્યાં ખબર હતી?'

'છતાં પણ હું જે કહું છું તે સાચું જ કહું છું.'



'તો પછી એ સંજોગોમાં આપણે સાથે જ રહીશું, સુપ્રિયા! મને પણ તારે માટે પુષ્કળ પ્રેમ છે. તું મારા વિના નથી રહી શકતી તેમ હું તારા વિના પણ નહિ રહી શકું. કદાપિ નહિ.'

## અસુરોની નાશની કથા

થોડાક દિવસ એવી રીતે અનુરાગના અસાધારણ અનુભવમાં પ્રસન્નતાપૂર્વક પસાર થઇ ગયા.

રાધા, સુપ્રિયા તથા કૃષ્ણને પોતાના જીવનમાં પારસ્પરિક પ્રેમને લીધે કોઇ મંગલમય મહોત્સવનો આરંભ થયો, હોય એવું લાગ્યા કરતું.

એમના આનંદનો અંત ન હતો.

ગોકુલ અને વૃંદાવનમાં રાધા તથા કૃષ્ણના પવિત્ર પ્રેમની વાતને ફેલાતાં વાર ન લાગી.

એ સાંભળીને સૌ કોઇ પ્રસન્ન થયાં, ને કહેવા માંડ્યાં :

'રાધા અને કૃષ્ણની જોડી ખરેખર અદ્‌ભુત છે. એ બંને પુરુષો તથા સ્ત્રીઓમાં સૌથી સુંદર છે.'

'એમને સૌંદર્યનાં સાકાર સ્વરુપ જ સમજી લો.'

'સૃષ્ટિની રચના કરનાર વિધાતાએ એમને એકમેકને માટે જ સરજ્યાં હોય એવું લાગ્યા વિના નથી રહેતું.'

'એ બંને એકમેકની પાસે હોય છે ત્યારે કેટલાં બધાં સુંદર અને આકર્ષક લાગે છે? જાણે કે રતિ અને કામદેવ જ સમજી લો.'

'કૃષ્ણ શ્યામ અને રાધા ગોરી છે તોપણ બંને એકમેકને અનુરુપ છે. એમનું દર્શન આંખને માટે ખરેખર ઉત્સવરુપ બને